RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 7, Dt.19-03-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસ બાદ ભાજપમાં ભડકો



## વડોદરા ભાજપમાં અસંતોષની જવાળા ઉગ્ર બની: ધારાસભ્યપદેથી કેતન ઈનામદારનું રાજીનામું: લોકસભા બેઠક માટે રંજનબેન ભટ્ટને ત્રીજી વખત ટિકીટ અપાતાં ભડકો થયો: કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જોઈતા પટેલે કર્યા કેસરિયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભાની ચૂંટણી યોજાઈ તે પહેલાં આયારામ ગયારામની સ્થિતિ ચાલુ રહી છે. છેલ્લા કેટલાંક દિવસથી ચૂંટણી પહેલાં જ રાજ્યમાં કોંગ્રેસના સીટીંગ ધારાસભ્ય તેમજ પૂર્વ ધારાસભ્યોએ કોંગ્રેસ છોડીને કેસરિયો ધારણ કર્યો છે તો આજે કોંગ્રેસ બાદ ભાજપમાં પણ ભડકો થયો છે. ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે જ ભાજપમાં ભરતી મેળાથી ટિકીટ-વહેચણી તથા ઉમેદવારની પસંદગી મુદે ગુજરાત ભાજપનું એ.પી.સેન્ટર બનવા જઈ રહેલા વડોદરામાં સીટીંગ સાંસદ રંજનબેન ભટ્ટને ફરી ટિકીટ અપાતા અને ૨૦૨૨માં વિધાનસભા ચુંટણીમાં ભાજપના જ ઉમેદવાર સામે ચુંટણી લડવા તથા હારેલા-જીતેલા તમામને ફરી ભાજપમાં કેસરીયા ખેસ પહેરાવવા સામે હવે નારાજગી ભડકો બન્યા છે.

વડોદરાના સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે વિધાનસભામાંથી રાજીનામાપત્ર અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને મોકલી આપ્યો છે અને એક તરફ સૌરાષ્ટ્ર સહિત ચાર લોકસભા બેઠક તથા રાજયમાં યોજાનારી પાંચ ધારાસભા પેટાચૂંટણીના ઉમેદવારો અંગે મોવડીમંડળ સાથે ચર્ચા માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ દિલ્હીમાં ગઈકાલે હતા તે સમયે જ કેતન ઈનામદારે વિધાનસભા અધ્યક્ષને પત્ર લખીને અંતરઆત્માના અવાજને 'માન' આપીને તેઓ ધારાસભ્યપદેથી રાજીનામું આપી રહ્યા હોવાનું જણાવીને રાજીનામુ સ્વીકારી લેવા જણાવ્યું હતું.

પરંતુ આ રાજીનામા બાદ હવે વડોદરા ભાજપમાં વધુ આંચકા લાગશે તેવા સંકેત છે. લોકસભા ચૂંટણીમાં પક્ષે ઉમેદવાર પસંદગીમાં જે રીતે 'મિનિટો'ની સેન્સથી અગાઉની નિશ્ચિત ઉમેદવારો જ કાર્યકર્તાઓ તથા નેતાઓ પર થોપી દીધા છે તેની સામે અનેક બેઠકો પર ગણગણાટ છે પણ વડોદરામાં પુર્વ મેયર ડો. જયોતિબેન પંડયાએ તો ખુલ્લી રીતે રંજનબેન ભટ્ટનો વિરોધ કરીને અવાજને વાચા આપી પછી તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવાયા હતા.

બીજી તરફ ગુજરાતમાં ભાજપમાં ભરતી મેળો યથાવત જોવા મળી રહ્યો છે. આજે (મંગળવાર) બનાસકાંઠાના કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાયા છે. ધાનેરા કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય જોઈતા પટેલ, ઠાકોર સમાજના અગ્રણી લેબજી ઠાકોરે કેસરિયા કર્યા છે. અમદાવાદમાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓએ કેસરિયા કર્યા છે. ૩૦૦થી વધુ લોકો ભાજપમાં જોડાયા છે.

# ભ્રામક દવાની જાહેરાત મામલે બાબા રામદેવને સુપ્રીમનું સમન્સ

## આગામી તારીખે કોર્ટમાં હાજર થવા બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને ફરમાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદની ભ્રામક કરતી દવાની જાહેરાત મામલે સ્વામી રામદેવ(પતંજલિના કો-ફાઉન્ડર) અને પતંજલિના ખઉ આચાર્ય બાલકૃષ્ણને કોર્ટમાં હાજર થવાનું કહ્યું છે. કંપની અને આચાર્ય બાલકૃષ્ણએ નોટિસનો જવાબ દાખલ કર્યો નથી, જેના કારણે આ આદેશ જારી કરવામાં આવ્યો છે.

હવે તેમણે આગામી તારીખ પર કોર્ટમાં હાજર થવાનું રહેશે. આ સિવાય જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેન્ચે બાબા રામદેવને એ જણાવવા માટે પણ નોટિસ પાઠવીને સમજાવ્યું છે કે તેમની સામે અવમાનની કાર્યવાહી કેમ શરૂ ન કરવી જોઈએ.

આ પહેલાં ૨૭ ફેબ્રુઆરીએ થયેલી સુનાવણીમાં કોર્ટે બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદની ભ્રામક કરતી જાહેરાતો



પર પ્રતિબંધ લગાવ્યો હતો. આ સિવાય પતંજલિ આયુર્વેદ કંપની અને આચાર્ય બાલકૃષ્ણને અવમાનની કાર્યવાહીમાં કારણ બતાવો નોટિસ ફટકારવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે ઇન્ડિયન મેડિકલ અસોસિયેશન તરફથી ૧૭ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ દાખલ કરેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. એમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે પતંજલિએ કોવિડ વેક્સિનેશન અને એલોપેથી વિરુદ્ધ નેગેટિવ પ્રચાર કર્યો છે. ત્યાં જ પોતાની આયુર્વેદિક દવાઓથી કેટલાક રોગોનો ઇલાજ કરવાનો ખોટો દાવો કર્યો.

૧૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ પ્રકાશિત પતંજલિ વેલનેસના વિજ્ઞાપનની તસવીર. જાહેરાતમાં એલોપથી પર ''ગેરસમજણો'' ફેલાવવાનો આરોપ લગાવાયો હતો. ૧૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ પ્રકાશિત પતંજલિ વેલનેસના વિજ્ઞાપનની તસવીર. જાહેરાતમાં એલોપથી પર ''ગેરસમજણો'' ફેલાવવાનો આરોપ લગાવાયો હતો.

અગાઉની સુનાવણીમાં IMAએ ડિસેમ્બર ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪માં પ્રિન્ટ મીડિયામાં જાહેર કરાયેલી જાહેરાતો કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. આ સિવાય ૨૨ નવેમ્બર ૨૦૨૩ના રોજ પતંજલિના સીઈઓ બાલકૃષ્ણ સાથે યોગગુરુ રામદેવની પ્રેસ-કોન્ફરન્સ વિશે પણ જણાવવામાં આવ્યું હતું. પતંજલિએ આ જાહેરાતોમાં ડાયાબિટીસ અને અસ્થમાને 'સંપૂર્ણપણે ઇલાજ' કરવાનો દાવો કર્યો હતો.

આ પ્રેસ-કોન્ફરન્સ સુપ્રીમ કોર્ટની સુનાવણીના એક દિવસ બાદ કરવામાં આવી હતી. ૨૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ થયેલી સુનાવણીમાં જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું હતું કે - પતંજલિએ ભ્રામક દાવાવાળી તમામ જાહેરાતો તાત્કાલિક બંધ કરવી પડશે. કોર્ટ આવા કોઈપણ ઉલ્લંઘનને ખૂબ જ ગંભીરતાથી લેશે અને ઉત્પાદન પરના દરેક ખોટા દાવા માટે ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ લાદી શકે છે.

# ચાર મહિનાનું બાળક બન્યુ કરોડપતિ: ઈન્ફોસીસના નારાયણ મૂર્તિએ પૌત્રને ૨૪૦ કરોડના શેર આપ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર એન.આર. નારાયણ મૂર્તિએ ચાર મહિનાનાં પૌત્ર એકાગ્રહને ઈન્ફોસિસનાં ૧૫ લાખ શેર ભેટમાં આપી કંપનીનો હિસ્સેદાર બનાવ્યો છે. મૂર્તિએ ભારતમાં કરોડપતિઓની યાદીમાં સામેલ થયેલા તેમના ચાર મહિનાના પૌત્ર એકાગ્ર રોહન મૂર્તિને આપેલા શેરની કિંમત ૨૪૦ કરોડથી વધુ છે.

એકસચેન્જ ફાઈલિંગમાં ખુલાસો થયો છે કે, એકાગ્ર ઈન્ફોસિસના ૧૫,૦૦,૦૦૦ શેરની માલિકી ધરાવે છે, જે કંપનીમાં ૦.૦૪ ટકા હિસ્સો



ધરાવે છે. આ સોદો 'ઓફ-માર્કેટ' હાથ ધરવામાં આવ્યો હતો. ટેક કંપનીમાં મૂર્તિનું હોલ્ડિંગ ૦.૪૦ ટકાથી ઘટીને ૦.૩૬ ટકા ઘટીને ૧.૫૧ કરોડ શેર્સ થયું છે.

ઈન્ફોસિસનાં નારાયણ મૂર્તિ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. આ વખતે તેઓ પૌત્ર એકાગ્રને ૧૫ લાખ શેર આપતા ચર્ચામાં આવ્યા છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ નારાયણ મૂર્તિએ ચાર મહિનાનાં પૌત્ર એકાગ્રહને ૧૫ લાખ શેર ઈન્ફોસિસનાં ભેટ આપ્યા હતા, જેની અંદાજિત કિંમત ૨૪૦ કરોડ રૂપિયા થાય છે. એકાગ્રનો જન્મ નવેમ્બર ૨૦૨૩માં રોહન મૂર્તિ અને અપર્ણા કૃષ્ણનને ત્યાં થયો હતો.

તેઓ નારાયણ અને સુધા મૂર્તિના ત્રીજા અક્ષતા મૂર્તિ અને યુકેના વડાપ્રધાન ઋષિ સુનકની બે પુત્રીઓના દાદા-દાદી પણ છે. એકાગ્રનું નામ મહાભારતમાં અર્જુનના પાત્રથી પ્રેરિત હોવાનું જાણવા મળ્યું હતું. સંસ્કૃત શબ્દ 'એકાગ્રહ'નો અર્થ થાય છે. અવિરત એકાગ્રતા અને નિશ્ચય. ૧૯૮૧માં સાધારણ રોકાણથી શરૂ થયેલી ઈન્ફોસિસ ત્યાર બાદ ભારતની બીજા સૌથી મોટી ટેક કંપની બની છે.તેમના પત્ની સુધા મૂર્તિ, એક પ્રખ્યાત લેખિકા અને ઈન્ફોસિસના શરૂઆતના દિવસોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઈન્ફોસિસ ફાઉન્ડેશનનું નેતૃત્વ કરવા માટે ૨૫ વર્ષથી વધુ સમય સમર્પિત કર્યા પછી, તેણીએ ડિસેમ્બર ૨૦૨૧માં તેની ભૂમિકામાંથી નિવૃત્તિ લીધી હતી. તેના પરિવારના ફાઉન્ડેશન દ્વારા તેના સખાવતી પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. હાલમાં જ તેઓ રાજયસભાના સભ્ય બન્યા હતા.

# સૈન્યના હેલિકોપ્ટરનો ઉપયોગ કરાતાં વડાપ્રધાન મોદી સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

## ટીએમસીના સાંસદ સાકેત ગોહેલે પીએમ મોદીની તસ્વીર શેર કરી ચૂંટણીપંચને કરી ફરિયાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તૃણમુલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સાકેત ગોહેલે પીએમ મોદીની તસ્વીર શેર કરીને ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. વડાપ્રધાન મોદી વિરૂદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ કરતા સાંસદે દાવો કર્યો કે, પીએમ મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ઇન્ડિયન એરફોર્સના હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો. જે સ્પષ્ટ રીતે આચારસંહિતાનો ભંગ છે. તેઓ ચૂંટણીનો પ્રચાર કરવા માટે આંધ્રપ્રદેશ ગયા હતા. જેથી એરફોર્સના હેલિકોપ્ટરનો તેઓ ઉપયોગ કરી શકે નહી.

સાંસદે ટવીટ કરાયેલી કેટલીક તસ્વીરોના સ્ક્રીનશોટ પણ શેર કર્યા હતા. જેમાં જોઇ શકાય છે કે, પીએમ મોદીને કેટલાક અધિકારીઓ અને રાજનેતાઓ રિસિવ કરી રહ્યા છે. તેઓ ઇન્ડિયન એરફોર્સના હેલિકોપ્ટરમાંથી નીચે ઉતરતા જોઇ શકાય છે. આ ઉપરાંત તેઓએ પોતે કરેલી ફરિયાદની કોપી પણ ટ્વીટ કરી છે.

ટવીટમાં સાંસદે ઉલ્લેખ કર્યો કે, પીએમ મોદી સામે



આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ કરી છે. જેમાં તેઓએ પોતાના ચૂંટણી પ્રચાર માટે ઇન્ડિયન એરફોર્સનું હેલિકોપ્ટર વાપર્યું છે.

આ અંગે ચૂંટણી પંચ કાર્યવાહી કરશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૫ માં આવા જ કારણથી ઇંદિરા ગાંધીને પણ ડિસક્વોલિફાઇ કરી દેવાયા હતા. સમગ્ર મામલો હાલ તો હાઇપ્રોફાઇલ બન્યો છે.

# લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના ૯ સહિત દેશના ૧૦૬૯ ઉમેદવારોને ચૂંટણી લડવા અયોગ્ય જાહેર કરાયા

## ચૂંટણીપંચ દ્વારા તમામનું લીસ્ટ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને મોકલી અપાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આ વર્ષે યોજાનારી લોકસભા ચૂંટણીમાં દેશભરમાંથી ૧૦૬૯ લોકો ચૂંટણી નહી લડી શકે.ચૂંટણી પંચે આ લોકોનું લિસ્ટ બધા રાજયોના મુખ્ય ચુંટણી અધિકારીઓને મોકલી દીધુ છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૦ (ક) અંતર્ગત આ બધાને ચૂંટણી લડવા માટે પ્રતિબંધીત કરવામાં આવ્યા છે.અયોગ્ય જાહેર લોકોમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણી લડનારા બન્ને પ્રકારના લોકો છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૦ (ક) ને આધિન જો કોઈ વ્યકિત ચૂંટણી ખર્ચની વિગત પરીણામ આવવાના ૩૦ દિવસમાં નથી




આપતી અને વિગત ન આપવાનું કોઈ વ્યાજબી કારણ નથી બતાવતું તો ચૂંટણી પંચ તેને ત્રણ વર્ષનાં સમય ગાળા માટે ચૂંટણી લડવા પર રોક લગાવી શકે છે દેશમાં જાહેર થયા છે.જેમાં ગુજરાતના ૯ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ મામલે બિહારમાં સૌથી વધુ ૨૩૭ અને લક્ષદીપમાં માત્ર ૧ ઉમેદવાર અયોગ્ય જાહેર થયા છે. આસામ-૧૧, આંધ્રપ્રદેશ ૫૧, આંદામાન નિકોબાર ૫, બિહાર-૨૩૭, છતીસગઢ ૭૩, દિલ્હી ૨૧, ગુજરાત ૯, હરીયાણા ૫૫, હિમાચલ પ્રદેશ ૯, ઝારખંડ ૨૬, કેરળ ૪૩, કર્ણાટક ૭૫, લક્ષદ્વિપ ૧, મહારાષ્ટ્ર-૧૮, મધ્યપ્રદેશ ૭૯,ઓરીસ્સા ૩૫, પંજાબ ૭, રાજસ્થાન ૧૮, તેલંગાણા ૧૦૭, તમિલનાડુ ૨૭, ઉતરાખંડ ૨૪, પશ્ચિમ બંગાળ ૧૭, મળી કુલ આવા ૧૦૬૯ ઉમેદવારો ચૂંટણી લડવા માટે અયોગ્ય જાહેર થયા છે.

# હોળી પહેલા ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના મુસાફરોની મુશ્કેલી વધી, આગામી તા.૨૨ સુધી ઘણી ટ્રેનો રદ કરાઈ

## ગાંધીધામ અને ગાંધીધામ કેબિન વચ્ચે નોન ઈન્ટરલોકિંગની કામગીરીના કારણે ઘણી ટ્રેનોને અસર: રેલવેએ ગાંધીધામ આવતી અને ઉપડતી આઠ ટ્રેનો રદ કરવા ઉપરાંત ૧૫ ટ્રેનોના રૂટ બદલ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હોળીના તહેવારને ધ્યાને રાખી ભારતીય રેલવેએ ટ્રેનોના રૂટમાં મોટા ફેરફાર કર્યા છે. હાલ તહેવારને પગલે રેલવે સ્ટેશનો પણ મુસાફરોની ભીડ જોવા મળી રહી છે, જેને ધ્યાને રેલવેએ રાખી ઘણી સ્પેશિયલ ટ્રેનો ચલાવાનો નિર્ણય લીધો છે. રેલવે ગત વર્ષના મુકાબલે આ વર્ષે ૫૦ ટકા વધુ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો હતો. જોકે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જતા મુસાફરોની મુશ્કેલી વધી ગઈ છે. કારણ કે રેલવેએ ૧૮ માર્ચથી ૨૨ માર્ચ વચ્ચે આ રાજ્યોના કેટલાક રૂટ પરની ઘણી ટ્રેનો રદ કરી દીધી છે.

પશ્ચિમ રેલ્વેએ જણાવ્યું કે, અમદાવાદ મંડળના ગાંધીધામ અને ગાંધીધામ કેબિન વચ્ચે નોન ઈન્ટરલોકિંગની કામગીરી ચાલી રહી હોવાના કારણે ૧૯ માર્ચ-૨૦૨૪થી ૨૨ માર્ચ-૨૦૨૪ સુધી બ્લોક લેવાયો છે, જેના કારણે ગાંધીધામથી પસાર થતી ટ્રેનો પર અસર પડશે.

આ આઠ ટ્રેનો રદ કરાઈ

૧૯થી ૨૨ માર્ચ - ભુજ-ગાંધીનગર




સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૫૬

૧૯થી ૨૨ માર્ચ - ગાંધીનગર-ભુજ સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૫૫

૧૮ અને ૨૦ માર્ચ - જોધપુર-ગાંધીધામ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૨૨૪૮૩

૧૯ અને ૨૧ માર્ચ - ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ, ટ્રેન નંબર ૨૨૪૮૪

૨૧ માર્ચ - ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ, ટ્રેન નંબર ૦૯૪૧૬

૨૧ માર્ચ - બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ સ્પેશિયલ, ટ્રેન નંબર ૦૯૪૧૫

૨૧ માર્ચ - ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૨૨૯૫૨

૨૨ માર્ચ - બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ એક્સપ્રેસ, ટ્રેન નંબર ૨૨૯૫૧

આ ટ્રેનો આંશિક રીતે રદ કરાઈ

૧૮ માર્ચ - પુણેથી આવતી પુણે-ભુજ એક્સપ્રેસ ટ્રેન (નંબર ૧૧૦૯૨) માત્ર અમદાવાદ સ્ટેશન સુધી આવશે, પરંતુ તે આગળ ભુજ નહીં જાય.

૨૦ માર્ચ - ભુજથી ઉપડતી ભુજ-પુણે એક્સપ્રેસ ટ્રેન (નંબર ૧૧૦૯૧) અમદાવાદ સ્ટેશનથી ઉપડશે અને પુણે તરફ આગળ વધશે.

૧૯ માર્ચ - નાગરકોઈલથી આવતી નાગરકોઈલ-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન (નંબર ૧૬૩૩૬) અમદાવાદ સ્ટેશન સુધી જ આવશે, પરંતુ તે ગાંધીધામ તરફ જશે નહીં.

૨૨ માર્ચ - ગાંધીધામથી ઉપડતી ગાંધીધામ-નાગરકોઇલ એક્સપ્રેસ ટ્રેન (નંબર ૧૬૩૩૫) ગાંધીધામને બદલે અમદાવાદ સ્ટેશનથી ઉપડશે અને અહીંથી નાગરકોઈલ તરફ આગળ વધશે.

૨૦ અને ૨૧ માર્ચ - પાલનપુર-ગાંધીધામ ટ્રેન (નંબર ૧૯૪૦૬) ગાંધીધામના બદલે સામાખ્યાલી સ્ટેશન સુધી જ જશે અને ગાંધીધામ અને સામાખ્યાલી વચ્ચે રદ રહેશે.

આ ટ્રેનોનો બદલાયો રૂટ

આ ઉપરાંત ઘણી ટ્રેનો ગાંધીધામ કેબિન-ગાંધીધામ-આદિપુર રૂટના બદલે ગાંધીધામ કેબિન-આદિપુરથી જશે અને ગાંધીધામ સ્ટેશન પર જશે નહીં.

# ભારતે નિકાસ મામલે ચીનને પછાડ્યું, અમેરિકાને સ્માર્ટફોન વેચી ૩.૫૩ અબજ ડોલરની કરી કમાણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન યુએસમાં ભારતના સ્માર્ટફોનની નિકાસ વધીને ૩.૫૩ અબજ ડોલરને આંબી ગઇ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના સમયગાળામાં ૯૯૮ મિલિયન હતી. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન સ્માર્ટફોનની નિકાસમાં ભારતનો હિસ્સો વધીને ૭.૭૬ ટકા થયો છે, જે પહેલા બે ટકા હતો. મળતી માહિતી મુજબ સ્માર્ટફોન મેન્યુફેક્ચરિંગમાં વૃદ્ધિને કારણે નિકાસમાં વધારો થયો છે.

આ સાથે ભારત અમેરિકામાં ત્રીજો સૌથી મોટો સ્માર્ટફોન નિકાસકાર દેશ બની ગયો છે. આ યાદીમાં ચીન પ્રથમ સ્થાને



છે અને વિયેતનામ બીજા સ્થાને છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં અમેરિકામાં સ્માર્ટફોનની નિકાસમાં ચીન અને વિયેતનામનો હિસ્સો ઘટ્યો છે. ટોચના પાંચ સપ્લાયર્સ પાસેથી યુએસમાં સ્માર્ટફોનની નિકાસ એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૨માં ૪૯.૧ બિલિયનથી ઘટીને એપ્રિલ-ડિસેમ્બર ૨૦૨૩માં ૪૫.૧ બિલિયન થઈ છે. ચીને સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન યુએસમાં ૩૫.૧ બિલિયનના સ્માર્ટફોનની નિકાસ કરી હતી, જે ગયા વર્ષમાં ૩૮.૨૬ બિલિયન હતી. તેવી જ રીતે, વિયેતનામની અમેરિકામાં નિકાસ ઘટીને ૫.૪૭ બિલિયન થઈ છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન ઝડપથી વધ્યું છે. વર્ષ ૨૦૧૪માં દેશમાં વેચાતા તમામ મોબાઈલ ફોનમાંથી ૭૮ ટકા મોબાઈલ આયાત કરવામાં આવતા હતા, જ્યારે હવે લગભગ ૯૭ ટકા મોબાઈલ ફોન ભારતમાં બને છે. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન (આઈસીઈએ) અનુસાર, મોબાઈલ ફોનનું ઉત્પાદન ૨૦૧૪-૧૫માં રૂ. ૧૮,૯૦૦ કરોડથી વધીને વર્ષ ૨૦૨૪માં અંદાજિત રૂ. ૪.૧૦ લાખ કરોડ થયું છે, જે ૨૦ ગણાથી વધુ છે. એકંદરે, છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં ૨૪૫ કરોડથી વધુ મોબાઈલ ફોન સેટનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

# મોરબીની પાટીદાર સમાજની દીકરીઓ વિશે કાજલ હિન્દુસ્તાનીનો બફાટ

## પિતા બિઝનેશમાં, માતા રીલ બનાવવામાં અને સગીર દીકરીઓ બોયફ્રેન્ડ સ્વેપિંગમાં વ્યસ્તઃ મોરબીના પાટીદાર અગ્રણી મનોજ પનારાએ યુટ્યુબમાં અપલોડ થયેલા વિડીયો મામલે પોલીસ ફરિયાદ નોંધાવવા અરજી કરી





**મુખ્ય સમાચાર, મોરબી**

વિવાદો માટે જાણીતી કાજલ હિન્દુસ્તાની નામની મહિલાએ સુરતમાં એક કાર્યક્રમમાં મોરબીની સાત પાટીદાર સમાજની દીકરીઓ વિષે અત્યંત હિનકક્ષાના આક્ષેપો કરી પિતા બિઝનેશમાં, માતા રીલ બનાવવામાં અને સગીર દીકરીઓ બોયફ્રેન્ડ સ્વેપિંગમાં વ્યસ્ત બની હોવાનું અને આ સાતેય છોકરીઓએ મળી મુસ્લિમ સમાજના બોયફ્રેન્ડને ૪૦ લાખની ગાડી લઈ દીધાનો સનસનીખેજ આરોપ લગાવતા મોરબીના પૂર્વ પાસ અગ્રણી અને પાટીદાર સમાજના કોંગ્રેસના આગેવાને કાજલ હિંદુસ્તાની વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અરજી કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

મોરબી જિલ્લામાં પાટીદાર અનામત આંદોલન સમયે મહત્વની જવાબદારી નિભાવનાર મનોજ પનારાએ સોમવારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે લેખિત અરજી આપી સુરતના જાહેર કાર્યક્રમમાં મોરબીની પાટીદાર સમાજની દીકરીઓ વિષે હિનકક્ષાનો ભાષા પ્રયોગ કરી વિવાદિત મહિલા કાજલ હિન્દુસ્તાનીએ સમગ્ર પાટીદાર સમાજને બદનામ કરવા પ્રયાસ કર્યો હોવાનું જણાવ્યુ હતું. મનોજ પનારાએ આપેલી લેખિત અરજીમાં જણાવ્યું હતું કે, કાજલ હિન્દુસ્તાનીએ મોરબીની સાત દીકરીઓ મુસ્લિમ બોયફ્રેન્ડ ધરાવતી હોવાનું અને બોયફ્રેન્ડનું સ્વેપિંગ કરી ઘેરથી છાનામાના રૂપિયા ચોરી આ મુસ્લિમ બોયફ્રેન્ડને ૪૦ લાખની ગાડી લઇ આપી હોવાનો તથ્ય વિહીન આક્ષેપ કર્યો છે જે સમાજની ખુલ્લી બદનામી કરવાનો પ્રયાસ છે જેને સાંખી નહીં લેવાય.


વધુમાં મનોજ પનારાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે કરેલી અરજી બાદ જણાવ્યું હતું કે અગાઉ મોરબી તેમજ ઉનામાં કોમીલાગણી ભડકાવનાર કાજલ હિન્દુસ્તાનીને મોટાભાગના પાટીદાર સમાજના કાર્યક્રમોમાં જ બોલાવવામાં આવતી હોય છે ત્યારે મોરબીના પાટીદાર સમાજની દીકરીઓ વિષે કરેલા બેફામ વાણી વિલાસમાં કોઈ વજૂદ ન હોવા છતાં પાયા વગરના આક્ષેપો કરાયા છે ત્યારે કાજલ હિન્દુસ્તાનીને પાટીદાર સમાજની માફી માંગવી જોઈએ અને જો માફી ન માગે તો હવે ગામેગામથી એફઆરઆઇ દાખલ કરવાની સાથે ગુજરાત હાઇકોર્ટમાં પણ વિવાદ કરવા ટેવાયેલી આ મહિલાના ભાષણ ઉપર રોક લગાવવા ન્યાયની દાદ માંગવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.

તેજાબી ભાષણો કરી સતત વિવાદમાં ઘેરાયેલી રહેતી વિવાદિત કાજલ હિન્દુસ્તાનીએ તાજેતરમાં સુરત ખાતેના એક કાર્યક્રમમાં મોરબીની પાટીદાર સમાજની સાત દીકરીઓ વિરુદ્ધ ગંભીર પ્રકારના આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે, સગીરવયની મોરબીની પાટીદાર સમાજની છોકરીઓ મુસ્લિમ બોય ફ્રેન્ડ રાખ્યા છે અને આ બોયફ્રેન્ડની અંદરોઅંદર સ્વેપિંગ કરવામાં આવે છે. સાથે જ આ છોકરીઓના પિતા બિઝનેશમાં માતાઓ રીલ બનાવવામાં વ્યસ્ત હોય ઘરમાં પડેલા રૂપિયામાંથી આ છોકરીઓએ પાંચ-પાંચ લાખ ભેગા કરી મુસ્લિમ બોયફ્રેન્ડને ૪૦ લાખની ગાડી લઈ આપી હોવાનો ચોંકાવનારો આરોપ લગાવતા મોરબીના પાટીદાર સમાજમાં રોષ છવાયો છે. બીજી તરફ મોરબી સીટી એ ડીવીજન પોલીસે જણાવ્યું હતું કે આ બનાવ અંગેની લેખિત અરજી લઇ લીધી છે, બનાવ આપણી હદ વિસ્તારમાં બન્યો નથી. બનાવ સુરત બનેલ હોય એટલે ત્યાં અરજી ટ્રાન્સફર કરી આપીશું.

# જામનગરમાં સાયચા ગેંગને મિટ્ટીમાં મિલાવી દેવાશેઃ એસપીની ગર્જના

## જામનગરના બેડી વિસ્તારમાં પ્રખ્યાત સાયચા ગેંગની મિલકતો પર પોલીસ તંત્રનો જબરો પ્રહારઃ સાયચા ગેંગની જુદી જુદી છ મિલકતોને જમીનદોસ્ત







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એડવોકેટની હત્યા નીપજાવવાનો જેના પર આરોપ લગાવાયો છે, તે સાયચા ગેંગ હત્યાની ઘટનાને અંજામ આપી ભાગી છુટ્યા પછી તેઓની મિલકતોને નેસ્ત નાબૂદ કરી દેવા માટે પોલીસ તંત્રએ કમર કસી છે, અને ખુદ જિલ્લા પોલીસવડા આજે વહેલી સવારથી મેદાનમાં આવી ગયા છે, અને સાયચા ગેંગના સમગ્ર સામ્રાજ્યને નેસ્ત નાબૂદ કરી દેવાના ભાગરૂપે બેડી વિસ્તારમાં આજે મેગા ડિમોલેશન હાથ ધર્યું છે.અગાઉ ત્રણ બંગલા જમીનદોસ્ત કર્યા પછી આજે સાયચા ગેંગની વધુ છ મિલકતો પર બુલડોઝર ફેરવી દેવાયું છે, અને સરકારી કરોડો રૂપિયાની કીમતી ગણાતી ૫૫ હજાર વર્ગ ફૂટ જમીનને ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ છે. જેને લઈને બેડી વિસ્તારમાં ભારે હલચલ મચી ગઈ છે.જામનગરના પચવટી વિસ્તારમાં રહેતી એક શિક્ષિકા ને આત્મહત્યા ની ફરજ પાડવા માટેનો સૌપ્રથમ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સાયચા ગેંગના બે શખ્સો સામે ગુનો નોંધાયો હતો. જે કેસમાં પોલીસે બંનેની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા, ત્યારબાદ અદાલતમાં જામીન અરજીની સુનાવણી વખતે અદાલતી તારીખમાં શિક્ષિકા આપઘાત કેસ ના ફરિયાદી બનેલા મૃતકના ભાઈ અને તેના વતી કેસ લડતા વકીલ હારૂન પલેજા કે જેને અદાલતમાં ધાકધમકી અપાઈ હતી. જે અંગેનો બીજો ગુનો પણ પોલીસમાં નોંધાવાયો હતો.ત્યારબાદ સમગ્ર ઘટનાનું મનદુઃખ રાખીને સાયચા ગેંગના સાગરીતો એ મળીને તાજેતરમાં જામનગરના એડવોકેટ હારુન પલેજા ની સરા જાહેર હત્યા કરવામાં આવી હતી. જે બનાવ ના સંદર્ભમાં પોલીસે સાયચા ગેંગ ના ૧૫ સભ્ય સામે ગુનો નોંધ્યો છે, અને હાલ આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી તમામની શોધખોળ ચલાવાઇ રહી છે. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી ના ગુન્હેગારો ને ડામી દેવાના આહવાન બાદ જામનગરમાં કોઈ પણ પ્રકારની ગેંગવોર રહે નહીં, અને આવા ગેંગ ના સભ્યોને નેસ્ત નાબૂદ કરવા માટેની જિલ્લા પોલીસવડા ને ખાસ સુચના અપાઇ હતી.જેના અનુસંધાને એસ.પી. પ્રેમસુખ ડેલૂ સમગ્ર પ્રકરણ મામલે એક્શનમાં આવી ગયા છે, અને ગેંગવોર ખતમ કરી દેવાના ભાગરૂપે આજે વહેલી સવારથી બેડી વિસ્તારમાં મેગા ડિમોલેસન હાથ ધર્યું હતું. સાયચા ગેંગ સામે અગાઉથી સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ અંગેની જુદી જુદી બે ફરિયાદો નોંધવામાં આવી છે, જેની પણ તપાસ ચાલુ છે. અને તેના અનુસંધાને સાયચા ગેંગ ના અગાઉ ત્રણ બંગલાને તોડી પાડવામાં આવ્યા હતા, અને તેના પર બુલડોઝર ફેરવાયું હતું.ત્યારબાદ આ પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી છે, અને આજે સાયચા ગેંગની એકી સાથે વૈભવી બંગલા સહિતની વધુ છ મિલકતો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.જામનગરના એસ.પી સાથે જયેન્દ્રસિંહ ઝાલા તેમજ સીટી બી. ડિવિઝન નો પોલીસ સ્ટાફ, એલસીબી ની ટુકડી, એસ.ઓ.જી. ની ટિમ સહિતની પોલીસ ટુકડીઓ સ્થળે પહોંચી ગઇ હતી, અને બેડી વિસ્તારમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.જેઓની સાથે શહેર વિભાગના મામલતદાર ની ટીમ અને જામનગર મહા નગરપાલિકાની દબાણ હટાવ શાખાની ટુકડી વગેરે જોડાયા હતા, અને બુલડોઝર ની મદદથી સાયચા ગેંગની વધુ છ મિલકતો પર ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અને અંદાજે ૫૫ હજાર વર્ગ ફૂટ જમીનને ખુલ્લી કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. આ મેગા ડીમોલેશનને લઈને સમગ્ર બેડી વિસ્તારમાં સોપો પડી ગયો છે. હાલ સાયચા ગેંગના તમામ સભ્યો ભાગી છૂટ્યા છે, પરંતુ તેઓની મિલકત ને જમીનદોસ્ત કરી દેવાઇ છે.જામનગરની શિક્ષિકા ને આત્મહત્યા માટે મજબૂર કરનાર તેમજ નગરના એડવોકેટ હારુન પલેજાની સરા જાહેર હત્યા કરનાર ગેંગ ને નેસ્ત નાબૂદ કરી નાખવા માટે એનો એસ.પી. પ્રેમસુખ ડેલુએ પ્રણ લીધો છે.જે ગેંગની અગાઉની ત્રણ મિલકતો તોડી પાડ્યા પછી આજે વધારાની છ મિલકતો, કે જેને કાયદા ની મર્યાદામાં રહીને સરકારી જગ્યામાં ખડકી દેવાયેલી વધુ છ મિલકતો પર બુલડોઝર ફેરવી દીધું છે. અને સમગ્ર સાયચા ગેંગને મિટ્ટીમાં મિલાવી દેવાની એસ.પી. દ્વારા ગર્જના કરવામાં આવી છે.જામનગર પોલીસ તંત્રના આકરા પગલાને લઈને ભારે નાશભાગ થઈ છે, અને તેઓના મહિલા સહિતના પરિવારના તમામ સભ્યો જામનગર છોડીને ભાગી છુટ્યા છે.એડવોકેટના હત્યારા ગુનેગારોને પકડવા માટે પોલીસ તંત્ર દ્વારા ઝાળ બિછાવવામાં આવી છે, અને એક પણ આરોપીઓને કાયદાની મર્યાદામાં છોડવામાં આવશે નહીં, ઉપરાંત તેઓની મિલકત ને પણ સાફ કરી નાખવામાં આવશે, અને કાયદાની મર્યાદામાં કોઈ છટકબારી ન રહે, તેની પૂરી તકેદારી ખુદ એસ.પી. દ્વારા રાખવામાં આવી રહી છે.જામનગર ના સાયચા ગેંગ ના સભ્ય સામે એડવોકેટની હત્યા નીપજાવવા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે, અને હાલ આરોપીઓ ભાગી છુટ્યા છે, ત્યારે પોલીસ તંત્ર અને મહાનગરપાલિકા તથા સીટી મામલતદારની ટીમ દ્વારા બેડી વિસ્તારમાં મેગા ડીમોલેસન હાથ ધર્યું છે, અને સાયચા બંધુઓની વધુ મિલકતો પર બુલડોઝર ફેરવાયું છે. ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.સાચા ગેંગ દ્વારા મારામારી-ધાકધમકી સહિતના અનેક ગુન્હા આચરવામાં આવ્યા હોવાનું જાણવા માટે મળી રહ્યું છે.

એટલું જ માત્ર નહીં તેઓ દ્વારા ગરીબ માણસોને ગેરકાયદે રીતે નાણાં ધીરધાર કરી માસિક રૂપિયા ૩૦ ટકા જેટલું રાક્ષસી વ્યાજ વસૂલવામાં આવતું હોવાનું અને તે રકમોની ઉઘરાણી ના આધારે મિલકતો ખટકી દીધી હોવાનું અનુમાન લગાવાયું છે, સમગ્ર મામલે એસપી ની આગેવાની હેઠળ ઓપરેશન પાર પાડવામાં આવી રહ્યું છે.

# મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી વિવિધ બેન્ક મેનેજરો સાથે ચૂંટણી સંદર્ભે બેઠક યોજાઇ

## અસામાન્ય ટ્રાન્ઝેક્શન અંગે ચૂંટણી તંત્રનું ધ્યાન દોરવા બેન્ક મેનેજરો તેમજ અન્ય ખાતાના વડાઓને સૂચનો આપતા જીલ્લા ચૂંટણી અધિકારી કે.બી.ઝવેરી

**મુખ્ય સમાચાર, મોરબી**



લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી.ઝવેરીએ જીલ્લાની વિવિધ બેન્કોના મેનેજરો અને પ્રતિનિધિઓ, પોલીસ અધિક્ષકશ્રી, સી.જી.એસ.ટી. એસ.જી.એસ.ટી, ફોરેસ્ટ, ઈન્કમટેક્ષ, પોસ્ટ ઓફીસ, આર.પી.એફ. સાથે કલેક્ટર કચેરી ખાતે ખાસ બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી.ઝવેરીએ બેન્ક પ્રતિનિધિઓને ચૂંટણી સમયગાળા દરમિયાન થનારા પ્રત્યેક શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની જાણકારી બાબતે દેખરેખ રાખી ચૂંટણી વિભાગને માહિતીગાર કરવા જણાવ્યું હતું. કોઈ સામાન્ય નાગરિકો તેમજ અન્ય કોઈને બિનજરૂરી કનડગત ન થાય તેની તકેદારી રાખવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જીલ્લા ચૂંટણી અધિકારી કે.બી.ઝવેરીએ છેલ્લા બે માસ દરમિયાન (સાયલેન્ટ એકાઉન્ટ) ટ્રાન્ઝેક્શન થયું ન હોય અને ચૂંટણી દરમિયાન ટ્રાન્ઝેક્શનની અસામાન્ય અને શંકાસ્પદ ઘટનાઓની માહિતીને ચૂંટણીતંત્રના ધ્યાને દોરવા સૂચનાઓ આપી હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જીલ્લામાં મતવિસ્તારમાં આવી તબદિલીના કોઈ પણ પૂર્વ દ્રષ્ટાંત વગર બેન્કના એક ખાતામાંથી અન્ય કેટલાંક વ્યકિતઓના ખાતામાં આર.ટી.જી.એસ. દ્વારા અસામાન્ય રકમની તબદિલી થઈ હોય તેવી માહિતીનું લીડ બેન્ક થકી ચૂંટણી તંત્રને ધ્યાન દોરવાનું રહેશે. નોમીનેશન ફાઈલ દાખલ કરનાર ઉમેદવાર ઉપરાંત તેમના પરિવારજનો અથવા તેના આશ્રિતના બેન્ક ખાતામાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રાજકીય પક્ષના ખાતામાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન સહિતની ઘટનાઓની માહિતી ચૂંટણી તંત્રને મોકલવાની રહેશે.

આ બેઠકમાં જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી, જીલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિ, અધિક નિવાસી કલેકટર એસ.જે.ખાચર, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદિપસિંહ વાળા, લીડ બેન્ક મેનેજર સહિત વિવિધ બેન્કોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જામનગરમાં બાઈક ચોર ઝડપાયોઃ સમર્પણ સર્કલ પાસેથી બાઈક ઉઠાવ્યાની કબુલાત આપી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર વસઈ ગામ પાસેથી પોલીસે ચોરાઉ બાઈક સાથે સિક્કાના શખ્સની અટકાયત કર્યા પછી તેણે આ બાઈક સમર્પણ સર્કલ પાસેથી ઉઠાવ્યાની કબૂલાત આપી છે.

જામનગર-ખંભાળિયા માર્ગ પર સિક્કા પોલીસ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં સ્ટાફના કે.કે. જાડેજા, જીતેન્દ્ર પરમાર, ભૂપેન્દ્રસિંહ, જયપાલ મેરને બાતમી મળી હતી કે, વસઈ ગામ પાસેથી એક શખ્સ ચોરાઉ બાઈક સાથે જઈ રહ્યો છે.તે બાતમીના આધારે પીએસઆઈ આર.એચ. બારના વડપણ હેઠળ ગોઠવાયેલી વોચમાં ત્યાંથી જીજે-૧૦-બીએચ ૫૭૭૯ નંબરનું નંબર પ્લેટ વગરનું બાઈક લઈને જતાં સિક્કાની ભગવતી સોસાયટી વાળા ઋત્વિક પ્રમોદભાઈ વાઘેલાને રોકી લેવામાં આવ્યો હતો. આ શખ્સની પૂછપરછ કરાતા તેણે આ બાઈક બે મહિના પહેલાં સમર્પણ હોસ્પિટલ પાસેથી ઉઠાવ્યાની કબૂલાત કરી છે. પોલીસે રૂ૨૦ હજારનું મોટરસાયકલ કબજે કર્યું છે.

# મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મતદાર જાગૃતિ માટે સીરામીક એસોસીએશન તથા ૨૭ જેટલા સીરામીક યુનિટો સાથે એમઓયુ કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયા સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને મોરબી કલેકટર કે.બી.ઝવેરીના અધ્યક્ષસ્થાને મોરબીના સીરામીક એસોસીએશન તથા ૨૭ જેટલા સીરામીક યુનિટો સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા.

જીલ્લાની અગત્યની સંસ્થાઓને આવરી લઈને અસરકારક મતદાર જાગૃતિ માટે એમઓયુ કરવાનો કાર્યક્રમ મોરબી કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. જિલ્લા ચૂંટણી અધિકારી અને મોરબી કલેકટર કે.બી.ઝવેરી તેમજ અધિક નિવાસી કલેકટર એસ.જે.ખાચરએ તમામ સીરામીક એસોસીએશન તથા સીરામીક યુનિટોના પ્રતિનિધિઓને આવકારીને આગામી ચૂંટણી પર્વમાં મહત્તમ મતદાન થાય તે દિશામાં મતદાર જાગૃતિ કામગીરીમાં ચૂંટણીતંત્રને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, મોરબી જીલ્લામાં આવેલા અગત્યના ઔદ્યોગિક એકમોની સાથે સંકળાયેલા કામદારો, શ્રમિકો ચૂંટણી વિષયક તથા મતદાર જાગૃતિ પ્રવૃત્તિઓમાં સહભાગી થાય તે હેતુથી એમઓયુ કરવાનું આયોજન કરાયું છે તેમ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળાએ જણાવ્યું હતું. જેમાં મોરબી સીરામીક ઉત્પાદન એસોસીએસન(વીટ્રીફાઈડ ટાઈલ્સ વિભાગ), મોરબી સીરામીક ઉત્પાદન એસોસીએસન(વોલ ટાઈલ્સ વિભાગ), મોરબી સીરામીક ઉત્પાદન એસોસીએસન(ફ્લોર ટાઈલ્સ વિભાગ), મોરબી સીરામીક ઉત્પાદન એસોસીએસન(સેનેટરી વિભાગ), પેપર મિલ એસોસિએશન તથા સીમ્પોલો ટાઈલ્સ પ્રા. લી., વરમોરા ગ્રેનીટો પ્રા. લી. વેગેરે કુલ ૨૭ સીરામીક યુનિટો સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા તેમ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા દ્વારા જણાવાયું છે.

# મોરબીઃરેટ ચાર્ટ સંદર્ભે જીલ્લાના વિવિધ રાજકીય પક્ષો સાથે બેઠક યોજતા જીલ્લા ચૂંટણી અધિકારી કે.બી. ઝવેરી

**મુખ્ય સમાચાર, મોરબી**



આદર્શ આચારસંહિતાને અમલી બને તથા મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટેની કામગીરીના ભાગરૂપે મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીએ જીલ્લાના વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠક અન્વયે રાજકીય પક્ષો સાથે મંડપ, લાઉડ સ્પીકર, વાહનો, હોર્ડિંગ વગેરે અંગેના રેટ ચાર્ટ, ખર્ચ અને હિસાબો ઉપરાંત આદર્શ આચાર સંહિતા અમલીકરણ અને તેના હેતુઓ વગેરે વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજકીય પક્ષો સાથે ચર્ચા વિચારણા કરી રેટ ચાર્ટમાં વિવિધ રેટ પણ નિર્ધારિત કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, નિવાસી અધિક કલેકટર એસ.જે. ખાચર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એન.એસ. ગઢવી, જીલ્લા નાયબ ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા, જીલ્લા પુરવઠા અધિકારી સંદિપ વર્મા, વાંકાનેર નગરપાલિકા ચીફ ઓફિસર ગિરીશ સેરૈયા, સહાયક માહિતી નિયામક ઘનશ્યામ પેડવા ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ, પીજીવીસીએલ, બીએસએનએલ, આરટીઓ સહિત વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓ તેમજ વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.


# જામનગર ફેકટરી ઓનર્સ એસો. તથા એકઝીમ મેટલ મર્ચન્ટ એશો. દ્વારા સાંસદ પુનમબેન માડમનો સન્માન સમારંભ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગરના બ્રાસઉધ્યાગના પર્યાવરણના પ્રશ્નના કાયમી ઉકેલ, સાંસદ તરીકે યશસ્વી ૧૦ વર્ષના કાર્યકાળની સમાપ્તી તથા સતત ત્રીજી ટર્મ માટે પસંદગીના આ ત્રિવેણી સંગમ સમા પ્રસંગે જામનગરના બ્રાસઉધ્યાગ માટે પર્યાવરણ વિભાગના નવા નાટીફીકિશનના કારણે ઉભી થયેલ મુશ્કેલરૂપ પરિસ્થિતીના આપણા લોકલાડીલા સાંસદ પુનમબેન માડમના સતત તથા સટ્રીય પ્રયત્નાથી આ પ્રશ્નનો સુખદ ઉકેલ આવેલ અને માત્ર જામનગરના બ્રાસઉધ્યાગને જ નહી પરંતુ સમગ્ર દેશની રીસાઈકલીંગ ઈન્ડસ્ટ્રીઝને રાહત મળી છે તે સમયે જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન તથા એકઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએશનના સંયુકત ઉપક્રમે રાજ સુમેર સ્પાર્ટસ કલબ, જામનગર ખાતે જામનગર તથા દેવભૂમિ દવારકાના સાંસદ પુનમબેન માડમનું અભિવાદન કરવા માટે સન્માન સમારંભનુ આર્યોજન કરવામાં આવેલ હતું જેમાં પુનમબેન માડમ, જામનગર ચેમ્બર ઓફ કામર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જી.આઈ.ડી.સી. પ્લાટ.શેડ હાલ્ડર્સ એસાસીએશન, જામનગર બ્રાસ ફાઉન્ડ્રી એસાસીએશન, જામનગર હાર્ડવેર મેન્યુફેકચરર્સ એસોસીએશન, જામનગર ઈલેકટ્રેપ્લેટર્સ એસસીએશન, એમ.પી.શાહ મ્યુનિ. ઉધ્યાગનગર એસોસીએશન, પટેલ કાલોની ઈન્ડસ્ટ્રીયલ એસાસીએશન, નાના ઉધ્યાગ સહકારી વસાહત, હાપા ઉધ્યાગનગર સંઘ વિગેરે સંસ્થાના પ્રમુખશ્રી, હોદેદારઓ, કારોબારી સમિતિના સભ્ય, તથા ઉધ્યાગકારમીત્રા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સમારંભની શરૂઆતમાં જામનગર ફેકટરી ઓનર્સ એસસીએશનના પ્રમુખ લાખાભાઈ કેશવાલાના સ્વાગત પ્રવચન બાદ પ્રમુખ લાખાભાઈ કેશવાલા, જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ઉપપ્રમુખ રમણિકભાઈ અકબરી, એકઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએશન જામનગરના પ્રમુખ ધરમભાઈ જેશી, જી.આઈ.ડી.સી. પ્લાટ. શેડ હાલ્ડર્સ એસાસીએશનના પ્રમુખ દિનેશભાઈ ડાંગરીયા, સંસ્થાના કારેબારી સભ્યશ્રી જીનેશભાઈ શાહ તથા અન્ય સંસ્થા દવારા સાંસદ પુનમબેન માડમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ હતું તથા આ કાર્યક્રમના શુભેચ્છે મિલનભાઈ દેઢીયા, રાજહંસ મેટલ્સ પ્રા. લી. મેહુલભાઈ જોબનપુત્રા જલારામ મેટલ એલેયઝ અશોકભાઈ જોબનપુત્રા ભવાની એકસ્ટ્રુઝન કપીલભાઈ જોબનપુત્રા જય જલારામ એકસ્ટ્રુઝન રમણિકભાઈ બુસા, હિતેશભાઈ મહેતા સેનેર મેટલ્સ પ્રા. લી. વસંતભાઈ કટારીયા.હાઈટેક એકસ્ટ્રુઝન એલએલપી રાજુભાઈ ગાગીયા જય દવારીકાદીશ એકસ્ટ્રુઝન ધરમભાઈ જોશી મેસ્કેટ મેટલ ટ્રેડર્સ તથા કૈયુરભાઈ ખટટર વિનસ બ્રાસટેક. દવારા પુનમબેન માડમને મીમેન્ટ અર્પણ કરવામાં આવેલ હતા. એસાસીએશનના પ્રમુખ લાખાભાઈ કેશવાલાએ તેમના ઉદબાધનમાં જામનગરના રાજગારલક્ષી બ્રાસઉધ્યોગના વિકાસને અસરકર્તા ઘણા પ્રશ્નેને સાંસદ પુનમબેન માડમે સાનુકુળ ઉકેલ લાવી બ્રાસઉધ્યાગને માટી રાહત આપેલ છે જેના માટે બ્રાસઉધ્યાગ સદાય તેને ઋણી રહેશેતેવું જણાવી, આગામી લોકસભાની ચુટણીમાં સતત ત્રીજી ટર્મ માટે પસંદગી પામેલ હોય તે પ્રચંડ બહુમતીથી જીતી અને કેન્દ્રીય મંત્રીમંડળમાં કેબીનેટ કક્ષાએ સ્થાન મેળવે તેવી લાગણી વ્યકત કરેલી જેને ઉપસ્થિત સાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. ત્યારબાદ એકઝીમ મેટલ મર્ચન્ટ એસોસીએશન જામનગરના પ્રમુખ ધરમભાઈ જેશીએ આપેલા વકતવ્યમાં પુનમબેન માડમ દવારા કરાયેલા પ્રયાસા તથા કાર્યો અને ભૂતકાળ તથા વર્તમાન સમયમાં જામનગરના નગરજનો તથા ઉધ્યોગકારમીત્રાને આપવામાં આવેલ સહયાગ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી હતી. સંસ્થાના કારેબારી સભ્ય તથા અગ્રગણ્ય ઉધ્યાગકાર જીનેશભાઈ શાહ તથા અન્ય વકતાઓએ તેમના વકતવ્યમાં છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન બ્રાસઉધ્યાગ સમક્ષ ઉપસ્થિત થયેલા પ્રશ્નો તથા તેના નિકાલ માટે માનનીય સાંસદએ કરેલ કામગીરીના ઉલ્લેખ કરેલ જેમાં ખાસ કરીને ૪ % સ્પેશીયલ એડીશ્નલ ડ્યુટીની નાબુદી, બ્રાસ ઉપરની ઈમ્પાર્ટ ડ્યુટી ૫ % માંથી ઘટાડી ૨.૫ % કરાવી, ટી.સી.એસ. બાબતની મુશ્કેલી, મુંન્દ્રા ખાતે કલીયરન્સની સમસ્યા તથા એકઝામીનેશન પર થતી મુશ્કેલી, કેરોના કાળ વખતે ઉભા થયેલા શીપીંગ કંપનીના પ્રશ્નો તથા તે સમયે ઉધ્યાગને ઈ.સી.જી.એલ.ના માધ્યમથી નાણામંત્રાલય તરફથી વધારાની કેડીટ તથા શોર્ટીંગ દરમ્યાન નિકળતા ફેરસ મટીરીયલ પરની ડ્યુટી બાબતના પ્રશ્ના તથા છેલ્લે પર્યાવરણને લગતા પ્રશ્નાના જે સાનુકુળ ઉકેલ લવાયેલ તેને બિરદાવવામાં આવેલ અને તેનાથી જામનગરની બ્રાસ ઈન્ડસ્ટ્રીઝને કામ કરવામાં મળેલ સરળતા બદલ આભાર તથા સંતેષ વ્યકત કરવામાં આવેલ હતા.

# કલરવ શિશુ મંદિર દ્વારા વાર્ષિક મહોત્સવની ઉજવણી કરાઈ










**મુખ્ય સમાચાર, મોરબી**

રાજકોટમાં લીટલ સ્ટાર પ્લે હાઉસ અને પ્રિસ્કૂલ કલરવ શિશુ મંદિર દ્વારા શનિવારે અરવિંદભાઈ મણિયાર હોલ જયુબિલી ગાર્ડન પાસે વાર્ષિક મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કલરવ શિશુ મંદિરના વિધાર્થીઓએ અદભુત પર્ફોમન્સ આપતા ઉપસ્થિત લોકો અભિભૂત થઈ ઉઠ્યા હતા. બાળકોની અંદર રહેલી શકિતને બહાર લઈ આવવાનું કામ કલરવ શિશૂ મંદિરે કરતા વાલીઓએ પણ આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી.

કાર્યક્રમમાં સ્કૂલ સંચાલક ધવલભાઈ પૂરોહિત સહિતની ટીમની મહેનત રંગ લાવી હતી. આ કાર્યક્રમનુ દિપ પ્રાગટય શહેરના નામાંકિત એડવોકેટ ભગીરથસિંહ ડોડિયા, સિમંધર ટોયઝના માલિક મનિષ મહેતા, બિલ્ડર વિમલ ચાવડા ઉપરાંત શેરબજારના વ્યવસાય સાથે જોડાયેલ અમિત મારૂ ખાસ ઉપસ્થીત રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

નાના-નાના ભુલકાઓ સુંદર વેશભૂષામાં સજ્જ બની માત્ર સ્ટેજ પર આવીને ઉભા રહે એ પણ મોટી વાત છે અને એ દ્રશ્ય બાળક જેટલુ જ વહાલું લાગે છે.નાના-નાના ભુલકાઓને સુંદર પરિધાનમાં સજજ થઈને સ્ટેજ પર માત્ર ઉભેલા જોવા અથવા એ સુંદર પર્ફોમન્સને નિહાળવુ એ પણ એક લ્હાવો છે. સ્ટેજ પર આવનાર બાળકની આંતરિક શકિત ખીલે છે અને લોકોની ઉપસ્થિતિ વચ્ચે એ બોલતા તથા પોતાનો ભાવ રજુ કરતા શીખે છે તથા તેનો સ્ટેજ ફીઅર દુર થાય છે. આ દરેક પહેલુઓને ધ્યાનમાં રાખીને કલરવ શિશુ મંદિર દ્વારા આ આયોજન કરવામાં આવ્યુ હતુ.

# વીજચોરીના કેસમાં જામનગરમાં પ્રથમ વખત આરોપી ઠરાવાયા તક્સીરવાન

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં વીજચોરીના કેસમાં અદાલતે સૌપ્રથમ વખત કોઈ આરોપીને તક્સીરવાન ઠરાવ્યા છે. આ કિસ્સામાં એક મહિલા સામે વીજચોરીનો આરોપ મુકાયો હતો અને પુરવણી બીલ આપવા ઉપરાંત ફોજદારી ફરિયાદ કરાઈ હતી. અદાલતે ભવિષ્યમાં વીજચોરી નહીં કરે તેવું બોન્ડ આપવા અને પુરવણી બીલ ભરપાઈ કરવા હુકમ કર્યો છે.

જામનગરના લાલવાડી વિસ્તારમાં ગઈ તા.૨૪-૧૨-૨૧ના દિને વીજ કંપનીની ટૂકડીએ ચેકીંગ હાથ ધરતા આરોહી ગ્રીન્સમાં રહેતા માલાબેન પરેશભાઈ ઝાલાને ત્યાંથી વીજચોરી મળી આવી હતી. રૂ૧૨૬૯૦૭નું પુરવણી બીલ આપવામાં આવ્યું હતું અને વીજ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ ફોજદારી ફરિયાદ કરવામાં આવી હતી.તે કેસ ચાલવા પર આવતા સરકાર પક્ષે છ વ્યક્તિની જુબાની અને ૨૪ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. અદાલતે બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી આરોપી મહિલાને ભવિષ્યમાં વીજચોરી ન કરવા અંગેનું બોન્ડ આપવા તથા 30 દિવસમાં વીજ કંપનીને પુરવણી બીલ ભરપાઈ કરી આપવાનો હુકમ કર્યો છે.

# ધરમ નગર આવાસ યોજના ક્વાર્ટરમાંથી મૃતક નવજાત શિશુ મળી આવ્યું



(તસ્વીરઃ આનંદ જાવિયા)




**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી સ્ટર્લીંગ હોસ્પિટલ પાસે ધર્મનગર આવાસ યોજના ક્વોટરમાં એક નવજાત મૃતક શિશુ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે આ ઘટનાને પગલે ૧૦૮ ના સ્ટાફે ગાંધીગ્રામ બે યુનિ પોલીસ માં જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો પોલીસે પ્રાથમિક તપાસ કરતા કોઈ અજાણી સ્ત્રીએ અધૂરા મહીને જન્મેલ નવજાત મૃતક શિશુ ને તેજી દીધું હોવાનું જાણવા મળ્યું હતું પોલીસે નવજાત શિશુ ના મૃતદેહને સરકારી હોસ્પિટલે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે

# જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે માર્ગ સલામતી સમિતીની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેરના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં અધિક નિવાસી કલેક્ટરએ સમિતિના સદસ્યો સાથે પરામર્શ બાદ જણાવ્યું હતું કે, ભુતકાળના બનાવો જોતા જામનગર જિલ્લામાં હાલ ૧૮ બ્લેક સ્પોટ નિર્ધારિત કરવામાં આવ્યા છે, જ્યાં અક્સ્માતનો ખતરો જણાય છે. જેમાં ખંભાળિયા- લાલપુર હાઈવે, ખંઢેરા ગામ તરફ જતો માર્ગ, ઠેબા ચોકડી, સાંઢિયા પુલ, મોરકંડા-



કણસુમરા પાટિયા રોડ, ધ્રોલ- રાજકોટ હાઈવે અને અન્ય બ્લેક સ્પોટ ધરાવતા માર્ગો પર રોડ રિસર્ફેસિંગ, ગેપ બંધ કરાવવા, ઝેબ્રા ક્રોસિંગ, રોડ પર માર્કિંગ, વાહનચાલકો માટે સાઈન બોર્ડ મુકાવવા, સ્ટ્રીટલાઈટ, બેરિયર્સ મુકાવવા તેમજ અન્ય જરૂરી કામગીરી પુર્ણ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જામનગર શહેરમાં સાત રસ્તા સર્કલ તેમજ જી.જી.હોસ્પિટલ પાસે રોડ રિસર્ફેસિંગ અને બ્રિજની કામગીરી ઝડપથી પુર્ણ કરવામાં આવશે. તાજેતરમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ફેબ્રુઆરી ૨૦૨૪ ની ઉજવણી દરમિયાન જામનગર જિલ્લા વહીવટી તંત્ર, આર.ટી.ઓ.કચેરી અને ટ્રાફિક પોલીસ દ્વારા ૧૮ જેટલા જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

# કેબલ નેટવર્ક, ટીવી ચેનલ, રેડિયો, આકાશવાણી વગેરેને પ્રસારણની સી.ડી. રોજ જમા કરાવવા ફરમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમલમાં આવેલી આદર્શ આચારસંહિતાના સંદર્ભમાં રાજકોટ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પ્રભવ જોશીએ સ્થાનિક કેબલ નેટવર્ક, ટી.વી. ચેનલ, સિનેમાગૃહો, એ.એમ. તથા એફ.એમ. રેડિયો, દુરદર્શન કેન્દ્ર, આકાશવાણી કેન્દ્ર, વિવિધ ભારતી પ્રસારણ વગેરેને તેઓના દૈનિક પ્રસારણની સીડી, દરરોજ મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટીને પહોંચાડવા ફરમાન કર્યું છે.

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયે ફરમાવ્યું છે કે, સ્થાનિક કેબલ નેટવર્ક, ટી.વી. ચેનલ, સિનેમાગૃહો, એ.એમ. તથા એફ.એમ. રેડિયો, દુરદર્શન કેન્દ્ર, આકાશવાણી કેન્દ્ર, વિવિધ ભારતી પ્રસારણ વગેરેએ ઈલેક્ટ્રોનિક પ્રસાર માધ્યમ તરીકે કરેલા પ્રસારણની સી.ડી. જમા કરાવવાની રહેશે. આ આદેશો મુજબ ૧૬મી માર્ચ ૨૦૨૪થી લઈને ચૂંટણી પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધીના ગાળામાં, રોજ સવારે ૬ કલાકથી બીજા દિવસના ૬ કલાક સુધીમાં ઉક્ત માધ્યમોએ કરેલા પ્રસારણની સીડી, બીજા દિવસે સવારે ૧૦.૩૦ સુધીમાં જિલ્લા કક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટીના સભ્ય સચિવ તથા સંયુક્ત માહિતી નિયામકશ્રી, જ્યુબિલી બાગ, રાજકોટ કચેરી ખાતે રૂબરૂ પહોંચાડવાની રહેશે. આ સી.ડી. પહોંચાડ્યાની પહોંચ મેળવીને તેનો રેકોર્ડ જાળવવાનો રહેશે. જરૂરિયાતના પ્રસંગે ૨૪ કલાક પૂરા થતાં પહેલાં પણ કરવામાં આવેલા પ્રસારણની સી.ડી. માંગવામાં આવે તો તે રજૂ કરવાની રહેશે. તેમજ સંયુકત માહિતી નિયામકશ્રી, આદર્શ આચાર સંહિતાની અમલવારી અર્થે નિયુકત નોડલ અધિકારીશ્રી તથા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીએ પણ જરૂરિયાતના કિસ્સામાં કાર્યવાહી કરવાની રહેશે. આ આદેશો તા. ૧૫ મે-૨૦૨૪ સુધી અમલી રહેશે અને રાજકોટ શહેર, રાજકોટ તાલુકા તથા જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન શિક્ષાને પાત્ર ઠરશે.

# પોલીસ તંત્ર દ્વારા છેલ્લા બે દિવસમાં ૨૦૨ હથિયારો જમા લેવાયાઃબે હથિયાર જપ્ત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની ચૂંટણી પ્રક્રિયા રાજકોટ જિલ્લામાં મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તથા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી થાય, તે માટે પરવાનાવાળા હથિયારધારકો પાસેથી તેમના હથિયારો પોલીસ વિભાગમાં જમા કરાવવામાં આવે છે. જે અન્વયે છેલ્લા બે દિવસમાં રાજકોટ જિલ્લામાં કુલ ૧૨૧૨ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૨૦૨ હથિયારો જમા લેવામાં આવેલ છે. તા.૧૬/૦૩/૨૦૨૪થી ૧૮/૦૩/૨૦૨૪ દરમિયાન બે હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. તથા અન્ય બાકીના હથિયારો જમા લેવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, તેમ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રીની યાદીમાં જણાવાયું છે.

## લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪

# રાજકોટ જિલ્લામા કોઈ પણ પ્રકારના પેઈડ ન્યુઝનું કડક નિરીક્ષણ કરવા કલેકટરની તાકીદઃ મીડિયા મોનીટરીંગ કમિટીના સભ્યો સાથે બેઠક યોજતા જિલ્લા ચૂંટણી અધિકારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોષીએ કોઇ પણ પ્રકારના પેઇડ ન્યુઝ માટે તમામ મીડિયાનું કડક નિરીક્ષણ કરવા મીડિયા મોનીટરીંગ કમિટીના સભ્યોને તાકીદ કરી હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી સોશ્યલ મીડિયા મોનીટરીંગ કમિટી અને મીડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમિટીના નોડલ ઓફિસર તથા સભ્યો સાથેની બેઠકમાં આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરવા કલેટકરશ્રીએ સૂચના આપી હતી. સોશ્યલ મીડિયાના કોઇ પણ ફોર્મેટમાં જોવા મળતા સમાચારો કે જેમાં આચારસંહિતાનો ભંગ થતો જણાય તો સત્વરે આ બાબતે જિલ્લા ચૂંટણીતંત્રનું ધ્યાન દોરવા અને જરૂરી પગલાં લેવા સંબંધિત સભ્યોને કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે.મુછારે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સોશ્યલ અને પ્રિન્ટ તથા ઇલેકટ્રોનિક મીડિયા માટેના આદર્શ આચારસંહિતાની જોગવાઇઓ વિષે ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું હતું. પ્રશ્નોત્તરીના માધ્યમથી પણ શ્રી મુછારે મીડિયા મોનીટરીંગ વિષે સમજ આપી હતી. રાજકીય પક્ષોના માન્ય ઉમેદવારોના નોમીનેશન ફોર્મ ભરાયા બાદ મીડિયા દ્વારા થનારા સંભવિત પ્રચાર પર ધ્યાન રાખવા આ બેઠકમાં ખાસ આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. તથા પેઇડ ન્યુઝ ધ્યાને આવ્યા બાદ કરવાની થતી પ્રક્રિયા વિષે અને આ ચૂંટણીમાં પેઇડ ન્યુઝ અંગે નવી ઉમેરાયેલી બાબતો વિષે પણ ઉપસ્થિતોને માહિતગાર કરાયા હતા.

કલેક્ટર પ્રભવ જોષીએ કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કરાયેલ એમ.સી.એમ.સી. કંટ્રોલ રૂમ, ઈ - ટઈત્રઈક તથા આચારસંહિતા ભંગની ફરિયાદ માટેના કંટ્રોલરૂમની પણ મુલાકાત લીધી હતી, અને ધ્યાનપૂર્વક કામગીરી કરવા ટકોર કરી હતી.

આ બેઠકમાં મીડિયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટીના સભ્ય અને પ્રાંત અધિકારીશ્રી ચાંદની પરમાર, નોડલ ઓફિસર સોનલ જોષીપુરા, અન્ય સભ્યો હિતેષ માવાણી(આકાશવાણી), નમ્રતા નથવાણી(જિલ્લા આઇ. સી.ટી. ઓફિસર), જગદીશભાઇ સત્યદેવ(સ્વતંત્ર સભ્ય) તથા સોશ્યલ મીડિયા મોનીટરીંગ કમિટીના સભ્યોશ્રી પલ્લવ કેંડુરકર, મનોજ વર્મા(એ.જી.એમ.બી.એસ.એન.એલ.) નાયબ મામલતદાર દુષ્યંતસિંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહયા હતા.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ માં તા.૨૦/૦૩/૨૪ બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે કેટ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૨૩/૦૩/૨૪ શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે કલબ યુફોનીક ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૨૪/૦૩/૨૪ રવિવાર ના રોજ ૫:૩૦ કલાકે દિલ સુંદર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ તેજસભાઈ પીઠવા, ખ્યાતીબેન પંડ્યા અને દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

ઇવનિંગ પોસ્ટ માં નવા સભ્યો થવા માટે નો ફોર્મ વિતરણ ચાલુ થઇ ગયેલ છે. તા. ૧ માર્ચ થી ફોર્મ ભરવાનું ચાલુ થઇ જશે. ફોર્મ ભરવાનું અને ફોર્મ મેળવવાનું સ્થળ સિનિયર સિટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ (ચૌધરી હાઈસ્કૂલ પાસે, છ.ઉ.ઈ. બેંક ની બાજુમાં મો.-૨૨૨૮૯૯૦) ફોર્મ ભરવાનો સમય સવારે ૯/૦૦ થી ૧૨/૦૦ અને સાંજે ૪/૦૦ થી ૭/૦૦ રહેશે.

# મોરબીમાં રખડતા ઢોરના ત્રાસને લઈ સામાજિક કાર્યકરોએ સત્તાધીશોને લખ્યો પત્ર

**મુખ્ય સમાચાર, મોરબી**



ફાઈલ ફોટો

રાજ્યમાં રખડતા ઢોરોને મુદ્દેને હાઈકોર્ટે કડક થઈને તંત્રને કામગીરી કરવાના આદેશો આપ્યા હતા. જેથી નગરપાલિકા અને પોલીસ દ્વારા રખડતા ઢોરોને પકડીને ઢોરવાડામાં લઈ જવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે, આ કામગીરી માત્ર કાગળો પર જ થઈ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે મોરબીના સામાજિક કાર્યકરો દ્વારા ચીફ ઓફિસર, કલેક્ટર, વહીવટી અધિકારી તથા ધારાસભ્યને પત્ર લખી ઢોરનાં ત્રાસથી મુક્તિ અપાવવા માંગ કરી છે.

મોરબીના સામાજીક કાર્યકર રાજુભાઈ દવે, જગદીશભાઈ જી. બાંભણીયા, તથા ચિરાગ સેતા રાણેવાળીયા દેવેશ મેરૂભાઈ દ્વારા મોરબીના ચીફ ઓફિસર, કલેક્ટર, વહીવટી અધિકારી તથા ધારાસભ્યને પત્ર લખી જણાવવામાં આવ્યું હતું કે, મોરબીની અંદર ઢોરનો ત્રાસ અનેક ઠેકાણે દરબારગઢ, ગ્રીન ચોક, સ્ટેશન રોડ ધક્કાવાળી મેલડી માતાજીનું મંદીર (જયાં લાખો લોકો દર્શન માટે જાય છે), નગર દરવાજો દમધમતો એરીયા, જેલ રોડ, લખધીરવાસ ચોક, વાવડી રોડ, શનાળા રોડ, રવાપર રોડ, સામા કાંઠે વિસ્તાર મોરબી-૨ જયાં જુઓ ત્યાં ખુટીયાનો ત્રાસ જોવા મળે છે. જેથી મોરબીના સમાજીક કાર્યકરો અને સ્થાનિકો દ્વારા મોરબી નગરપાલીકા તાત્કાલીક આ ઢોરને પકડવાનું અભ્યાન ચાલુ કરે તેવી માંગ કરી છે. ત્યારે રાત્રે વૃધ્ધ લોકોને સાંજના સમયે મંદીરે જાવુ હોય તો બીતા બીતા નીકળે છે. કેટલાક સ્થળો પર આખલા યુદ્ધ થાય છે ત્યારે અનેક વાહનોને નુકશાન થાય છે અને માણસોને પણ નુકશાન થાય છે. જેમાં કેટલાક લોકોનાં જીવ પણ જાય છે. ત્યારે આ બાબતની ગંભીર નોંધ લઈને મોરબી ચીફ ઓફીસર, કલેકટર, વહીવટદાર, મોરબીના ધારાસભ્ય કાન્તીભાઈ અમૃતીયાને સામાજિક કાર્યકરો દ્વારા પત્ર લખાયો છે. અને તાત્કાલીક પગલાં લેવા પ્રજાજનોની અને મોરબીની જનતા દ્વારા માંગણી કરાઈ છે.

# મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં ટ્રાન્સપોર્ટમાંથી ઝડપાયેલ કોડીન સીરપ પ્રકરણમાં ગોડાઉન માલિકને ઝડપી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાતી પ્લોટમાં આવેલ શ્રી હરિકૃપા ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાંથી નશાયુક્ત કોડીન સીરપની ૧૦,૦૦૦ નંગ બોટલ ઝડપાઇ હતી તે સમગ્ર પ્રકરણમાં ફરાર ટ્રાન્સપોર્ટ-ગોડાઉન માલિકને મોરબી તાલુકા પોલીસ દ્વારા ઝડપી લઇ સમગ્ર નશીલી કોડીન સીરપ મામલે વધુ પૂછતાછ ચાલુ કરી છે.

મોરબી સીટી એ ડીવી પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગત તા.૧૪/૦૩/૨૦૨૪ના રોજ દાખલ થયેલ કેસમાં મોરબી એ ડિવિઝન પોલીસ દ્વારા મોરબી લાતીપ્લોટ વિસ્તારમાં આવેલ શ્રીહરીકૃપા ટ્રાન્સપોર્ટ-ગોડાઉનમાંથી નશાકારક કોડીન યુક્ત કફ સીરપની ૧૦,૦૦૦ નંગ બોટલ કિ.રૂ.૨૦.૫૪ લાખ તથા મોબાઇલ ફોન નંગ-૧ કી.રૂ. ૫,૦૦૦/-મળી કુલ કી.રૂ.૨૦,૫૯,૮૦૦/-નો મુદામાલ કબ્જે લઇ ગોડાઉન સંચાલક આરોપી આશીફ આમદભાઇ સીપાઇ રહે. વાવડીરોડ ભારતપાન વાળી શેરી મોરબી વાળાની સ્થળ ઉપરથી અટક કરવામા આવેલ હતી. જયારે ગોડાઉન માલિક આરોપી ગોપાલ પરબતભઇ ભરવાડ રહે. રાજકોટ નવાગામ વાળાની અટક કરવાની બાકી હોય. ત્યારે આ એનડીપીએસના આ ગુનાની તપાસ મોરબી તાલુકા પોલીસ મથકના પીઆઇ કે.એ.વાળા ચલાવી રહ્યા હોય ત્યારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપી ગોપાલ પરબતભઇ સીંધવ રહે.નવાગામ (આણંદપર) સોસાયટી શેરી નં.-૪, તા.જી.રાજકોટ વાળાની શોધખોળ ચાલુ હોય તે દરમિયાન ઉપરોક્ત આરોપીને શોધી લઇ ધરપકડ કરવામા આવી છે. સમગ્ર નશીલી કોડીન કફ સીરપ મળી આવવાના ગુના બાબતે મુળસુધી પહોંચવા આરોપીની પુછપરછ શરૂ કરી છે.

# ટીકર વિસ્તારમાં ગેરકાયદે રેતી ખનીજ ખનન કરી રહેલાં ઈસમો સામે હળવદ પોલીસની કાર્યવાહી

## બે ડમ્પર,બે ટ્રેક્ટર, એક હિટાચી મશીન, એક જેસીબી મશીન તથા બે હુડકા સહીત ૭૧લાખનો મુદામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લામાં ભૂમાફિયા દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ખનીજનું ખનન કરી તેનું વહન કરતા હોય છે ત્યારે હળવદ પોલીસ દ્વારા હળવદ તાલુકાના ટીકર ગામ વિસ્તારમાં નદીમાંથી ખનીજ સંપત્તિની હેરાફેરી કરતા તત્વો ઉપર તવાઈ બોલાવી ખનીજ ખનન કરવામાં ઉપયોગમાં લેવાઈ રહેલા કુલ રૂ.૭૧ લાખના વાહનો જપ્ત કરી ખાણ ખનીજ વિભાગને જાણ કરવાની તજવીજ છે.

મળતી માહિતી અનુસાર મોરબી જિલ્લા પોલીસઅધિક્ષક રાહુલ ત્રિપાઠીએ મોરબી જીલ્લામાં ગેરકાયદે ખનીજ ચોરી/વહન જેવી પ્રવૃત્તિ અંગે કાર્યવાહી કરવા સુચના કરેલ હોય, જે અંગે નાયબ પોલીસ અધિક્ષક વાકાનેર ડીવીઝન સમીર સારડાના સીધા માર્ગદર્શન હેઠળ હળવદ પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર આર.ટી.વ્યાસ તથા સાથેના હળવદ પોલીસ ટીમ હળવદ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, ટીકર વિસ્તારમાં નદીમાં ગેરકાયદે ખનીજનું ખોદકામ તથા વહન થઈ રહેલ છે જેથી તાત્કાલિક હળવદ પોલીસ ટીમ સાથે હકીક્ત વાળી જગ્યાએ દરોડો પાડી સ્થળ ઉપરથી ટાટા કંપનીની ૩૫૨૫ મોડેલનુ ડમ્પર રજી નં.GJ-36-V-4777 ડ્રાઈવર-રમેશભાઈ ગોરધનભાઈ ગડેશીયા રહે. વેજલપર તા.માળીયા મી. જી.મોરબી. કિ.રૂ.૧૦ લાખ, ટાટા કંપનીની ૩૫૩૦ મોડેલનુ ડમ્પર રજી નં. GJ-36-X-1928 તથા ડ્રાઈવર-સંજયભાઈ ગગુભાઈ થરેશા રહે.મિંયાણી તા.હળવદ જી.મોરબી. કિ.રૂ.૧૦ લાખ, Hundai કંપનીનું ૨૧૦-૭ મોડેલ પીળા કલરનું હીટાચી મશીન રજી. નં. GJ-25-B-8677 તથા ડ્રાઈવર-નવનીતરાય કમેશ્વરરાય બ્રામણ ઉવ.૨૨ રહે બસાપર તા.સીકન્દરપુર જી.બનીયા (ઉત્તરપ્રદેશ) હાલ.રહે ટીકર રણ તા.હળવદ જી.મોરબી કિં.રૂ.૨૫ લાખ, JCB કંપનીનુ JCB મશીન ૩ઉડ જેનો રજી.નં.GJ-12-CM-2716 જેના ડ્રાઇવર-વિનોદકુમાર કવિન્દર યાદવ ઉવ.૨૦ ધંધો.ડ્રાઇવીંગ રહે માધવપુરહજારી તા.સાહેમકંજ જી.મુજફ્ફરપુર (બીહાર) હાલ રહે ટીકર તા.હળવદ જી.મોરબી કિ.રૂ.૧૦ લાખ, એક આયસર કંપનીનું ૩૬૮ મોડેલનું ટ્રેક્ટર જેનો રજી.નં.GJ-36-F-4563 તથા ટ્રોલી જેનો રજીસ્ટ્રેશન નંબર નથી ડ્રાઇવર-ગોપાલભાઇ ખેતાભાઇ બોહરીયા ઉવ.૨૮ રહે ટીકર તા.હળવદ કિ.રૂ.૫ લાખ, આયરસ કંપનીની ૩૬૮ મોડેલનુ ટ્રેક્ટર જેનો રજીસ્ટ્રેશન નંબર લખેલ નથી જેનો ચેસીસ નં.૯૩૨૦૧૨૪૪૩૪૬૬ તથા એંજીન નં.૫૩૨૦૨૭૬૮૧૪૧૪ ડ્રાઇવર-નારાણભાઇ લાલજીભાઇ કલોતરા ઉવ.૨૫ રહે ટીકર તા.હળવદ કિ.રૂ.૫ લાખ, બે હુડકા કિ.રૂ.૩ લાખ મળી કુલ ૭૧ લાખનો મુદામાલ જપ્ત હસ્તગત કરી મોરબી ખનીજ વિભાગને કાયદેસર કાર્યવાહી કરવા માટે જાણ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી હળવદ પોલીસ મથકના પીઆઈ આર.ટી.વ્યાસ તથા હળવદ પોલીસ સ્ટેશન ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# લોકસભાની ચૂંટણી પહેલા જ જામદુધઈ ગામમાં મતદાન બહિષ્કારના બોર્ડ લાગ્યા...!!!




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાનું જોડિયા તાલુકાના જામ દુધઈ ગામ રેશનકાર્ડ અને બીપીએલ અને નેશનલ હાઈવે લગીની સમસ્યાનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી ગામમાં ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે આ ઉપરાંત રાજકારણીઓને પણ ચૂંટણીના પ્રચાર માટે ગામમાં પ્રવેશ કરવો નહીં તેવું બોર્ડ પણ મારવામાં આવ્યું છે. જામ દુધઈ ગામમાં રેશનકાર્ડ અને બીપીએલ પડતર સમસ્યા તો હતી તેમાં પણ નેશનલ હાઈવે બનાવવાની કામગીરી દરમિયાન કપાતમાં જતા મકાનના મકાન ધારકોને પૂરતું વર્તન મળ્યું નથી તો વળી આજી ડેમમાંથી આવતી કેનાલ પણ બુરાઈ ગઈ હોવાથી ખેડૂતોને પાણીની સમસ્યા નો સામનો કરવો પડી રહ્યો છે જેવી અન્ય સમસ્યાઓ નું નિરાકરણ ન આવતા રોસે ભરાયેલા લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. તેમજ ગામમાં ચૂંટણી બહિષ્કાર નું બોર્ડ મારીને તેમાં નોંધ લખી છે કે ચૂંટણીના પ્રચાર માટે કોઈપણ પક્ષના નેતા હોય ગામમાં પ્રવેશ કરવો નહીં એવો પણ ગામના મુખ્ય માર્ગના ગેઈટ પર લખાયેલા બેનરમાં ઉલ્લેખ કરાયો છે. ૨૨૦૦ ની વસ્તી ધરાવતા આ ગામમાં અંદાજીત ૧૮૦૦ લોકોનું મતદાન છે.જો તેમના પડતર પ્રશ્નોનોનો ઉકેલ લાવવામાં નહિ આવે તો આ તમામ લોકો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરશે સત્તાધીશો અને અધિકારીઓ ગ્રામજનોના આ પ્રશ્નોનોનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવે તેવી લોકમાંગ ઉઠી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જનાના હોસ્પિટલ ફરી વિવાદમાં: સોલીડવેસ્ટ જાહેરમાં જોવા મળ્યા

## ૧૧૮ કરોડના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલમાં તંત્રવાહકોની બેદરકારી સામે આવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૧૮ કરોડની રાજ્યની સૌથી ઉંચી જનાના હોસ્પિટલના સોલીડવેસ્ટના પોટલા સ્ટાફ દ્વારા જાહેરમાં ઢગલો કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.

જનાના હોસ્પિટલના પટાગણમાં આજે ૫૦થી વધુ સોલીડ વેસ્ટના પોટલાના ઢગલા કરવામાં આવ્યા હતા. જાહેરમાં આવી રીતે ઢગલા કરવામાં આવતા સારવાર માટે આવતા દર્દીઓના પરિવારજનોએ હોસ્પિટલ તંત્રની આવી હરકતના વીડીયા ઉતારી સોશ્યલ મીડીયામાં વાયરલ કર્યા હતા. દરમિયાન મામલો અધિક્ષક પાસે પહોંચતા તેઓએ તપાસ હાથ ધરી હતી. તપાસમાં એવુ જાણવા મળ્યું હતું કે, મહાપાલિકા દ્વારા સોલીડ વેસ્ટ લેવામાં આવતો હતો પરતું નવી હોસ્પિટલમાં સ્થળાંતર થતા મહાપાલિકા દ્વારા નવી હોસ્પિટલમાંથી કચરો એકત્ર કરવામાં આવતો ન હતો. આ બાબતે મહાપાલિકા સાથે તાકીદે સંકલન કરી લેવામાં આવ્યું છે અને આવતિકાલથી મહાપાલિકાની ટીમ હોસ્પિટલમાંથી કચરો લઈ જશે.

આ ઉપરાંત હોસ્પિટલમાં બે દિવસમાં પાણીનું કનેકશન પણ ચાલુ કરી દેવામાં આવશે. મહાપાલિકાનું પાણીનું કનેકશન હતું જ માત્ર જોઈન્ટ આપવાનું બાકી છે. અધિક્ષક ડો.આર. એસ. ત્રિવેદીએ જણાવ્યું હતું કે, હોસ્પિટલનો રૂ.૧૦ લાખનો વેરો ભરપાઈ કરી દેવામાં આવ્યો છે.

# ન્યારી ડેમમાં ન્હાવા પડેલાં પ્રૌઢ ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવા રોડ ઉપર આવેલા કણકોટ ગામે રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા આધેડ ન્યારી ડેમમાં ન્હાવા માટે ગયા હતા ત્યારે અકસ્માતે પાણીમાં ગરગાવ થઈ ગયા હતા ન્યારી ડેમમાં ન્હાવા પડેલા રીક્ષા ચાલકનું ડૂબી જવાથી મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા કણકોટ ગામે રહેતા માધાભાઈ કાળુભાઈ છનુરા નામના ૪૭ વર્ષના આધેડ સાતેક વાગ્યાના અરસામાં ન્યારી ડેમના કાંઠે પાણીમાં ન્હાવા પડયા હતા ત્યારે માધાભાઈ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા ડૂબી ગયા હતા માધાભાઈ છનુરાનું ડેમના પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું આધેડના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક માધાભાઈ ત્રણ ભાઈ ચાર બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે માધાભાઈ છનુરા રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને માધાભાઈ ન્યારી ડેમમાં ન્હાવા જતા તેમનું ડૂબી જવાથી મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લા જેલમાં ૧૪ વર્ષથી સજા ભોગવતા ૧૪ કેદીઓની સજા માફ કરી જેલમુકત કરાયા

## કેદીઓની સારી વર્તણૂંકને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા જેલમાંથી મુક્તિ આપવામાં આવી: વધુ ૭ કેદીઓને પણ મુકત કરાશે





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા ૧૪ વર્ષ કરતા વધુ સજા ભોગવી ચૂકેલા પાકા કામના કેદીઓને જેલમુક્ત કરવા અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત જેલ પ્રશાસનની ભલામણને ધ્યાનમાં રાખીને સારી વર્તણુક ધરાવતા કેદીઓની બાકી રહેલી સજા માફ કરી મુક્ત કરવામાં આવી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત રાજકોટ જેલ પ્રશાસન દ્વારા કુલ ૨૧ કેદીઓની મુક્તિ માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જે પૈકી ૧૪ કેદીઓની દરખાસ્ત મંજુર થતા તેઓને સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. આઝાદ થનાર કેદીઓએ કહ્યું હતું કે, એકવાર ક્રાઇમ થઈ જાય પછી અફસોસ કરવા સિવાય બીજું કાંઈ રહેતું નથી અને પરિવાર-બાળકો પોતાના કરતા પણ વધુ હેરાન થાય છે.

જેલમુકત થયેલા બલદેવ રણછોડભાઈ પટેલ ઉર્ફે મુન્નાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, અમારી સારી વર્તણુકને ધ્યાનમાં રાખી મુક્ત કરવા બદલ અહીંના જેલ સત્તાધીશો તેમજ સરકારનો આભારી છું. હાલમાં તો અમારી પાસે ખાસ કોઈ કામ નથી, પરંતુ મજૂરી કે ખેતીકામ કરવાની ઈચ્છા છે. પોતાના અનુભવ વિશેની હકીકત જણાવતા તેમણે કહ્યું કે, ગુનાખોરીથી દુર રહેવું જોઈએ, ક્રાઇમ કરવાથી પરિવાર અને બાળકો પોતાના કરતા પણ વધુ હેરાન થાય છે અને આપણે કંઈ કરી શકતા નથી.

આ તકે વાલજીભાઈ મગનભાઈ ધરજીયા નામના કેદીએ જણાવ્યું હતું કે, હું ૩૦૨નાં કેસ અંતર્ગત જેલમાં આવ્યો હતો. હાલ ૧૭ વર્ષ પુરા થઈને ૧૮મું વર્ષ ચાલે છે. આ સમયે અમને જેલ મુક્ત કરવામાં આવતા મારા પરિવારમાં ખુશીનો માહોલ છે. એકવાર ક્રાઇમ થઈ જાય પછી અફસોસ કરવા સિવાય બીજું કાંઈ રહેતું નથી. આ માટે લોકોએ ક્રાઇમ કરવાથી દૂર રહેવું જોઈએ. હાલ બહાર જઈને થોડો સમય આરામ કર્યા બાદ ખેતી કરવાની તેની ઈચ્છા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

રાજકોટ સેન્ટ્રલ જેલના ઉતા અજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, પાકા કામના કેદી તરીકે ૧૪ વર્ષ કરતા વધુ સમયથી આજીવન કેદની સજા ભોગવતા ૨૧ કેદીઓને મુક્ત કરવાની દરખાસ્ત રાજ્ય સરકારને કરવામાં આવી હતી. આ પૈકી જે કેદીઓને સંબંધિત પોલીસ દ્વારા જામીન આપેલા હોય તેવા ૧૪ કેદીઓને મુક્ત કરવામાં આવ્યા છે. કેદીઓની સારી વર્તણુક સહિતના માપદંડોને આધારે આચારસંહિતા લાગુ થયા પહેલા જ આ હુકમ કરાયો હતો. જેના આધારે આજે કેદીઓને મુક્ત કરવાની બાકીની પ્રક્રિયા કરવામાં આવી છે. અત્યાર સુધીમાં રાજકોટ જેલ પ્રશાસન દ્વારા ૮૪ કેદીઓને મુક્ત કરવાની દરખાસ્ત કરાઈ હતી. જેમાંથી ૩૨ કેદીઓને મુક્ત કરી દેવામાં આવ્યા છે. બાકીના અંગે કાર્યવાહી ચાલી રહી છે.

# અંજારમાં ઝુંપડા સળગાવી ૧૨ પરિવારને જીવતા સળગાવી નાંખવાનો પ્રયાસ કરનાર કોન્ટ્રાકટર ઝડપાયો

## પરિવારજનોએ મજુરી કામનો ઈન્કાર કરતા કોન્ટ્રાકટરે ૧૨ ઝુંપડામાં આગ ચાપી'તી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અંજારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા અને મજૂરી કામ કરતાં પરિવારને જીવતા સળગાવી નાખવાના ઇરાદે જલદ પદાર્થ છાટી ઝુંપડપટ્ટીમાં આગ ચાપી દેવામાં આવી હતી. ઘરના નાના બાળકો ઊંઘી રહ્યા હતા ત્યારે તમામની સામૂહિક હત્યા કરી નાખવાના ઇરાદે કરવામાં આવેલા કૃત્યમાં સદનસીબે લોકો પોતાના બાળકોને લઈ ઘરની બહાર નીકળી જતાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ ન હતી. પરંતુ એક સાથે ૧૨ ઝુંપડપટ્ટી બળીને ખાખ થઈ જતાં ઝુંપડપટ્ટીમાં રહેતા અંદાજિત ૫૦થી વધુ લોકો બેઘર થઈ જતાં રસ્તા આવી જવાનો વારો આવ્યો છે. આ બનાવ બનતાની સાથે જ પોલીસે આરોપીની અટક કરી લીધી હતી.

કચ્છના અંજારમાં ૧૨ જેટલા ઝુંપડા સળગાવી નાખવાના બનાવ અંગે પોલીસ વડા સાગર બાગમારે જણાવ્યું કે, કોન્ટ્રાકર અને મજૂરો એક બીજાથી પરિચિત છે અને મજૂરીના રૂપિયા આપવા બાબતે બંને વચ્ચે શનિવારે માથાકૂટ થઈ હતી અને રવિવારે આ ઘટના બની હતી. ઝુંપડામાં અંદર પરિવારના સભ્યો સૂતા હતા એ સમયે આગ ચાંપી દીધી હતી. જોકે કોઈ જાનહાનિ થઈ નથી. બદ્રિલાલ ગંગારામ યાદવની ફરિયાદને આધારે આગ લગાવનાર કોન્ટ્રાકરની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કેવડાવાડીમાં ચાલતી જુગાર કલબ પર ક્રાઈમ બ્રાંચ ત્રાટકી

## પાંચ જુગારીની ધરપકડ કરી રૂા.૫૦ હજારની રોકડ કબ્જે કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેવડાવાડી શેરી નં ૪/૨૨ નો ખુણો મીરા મઢુલી મકાન પાસે રહેતા છત્રસિહ પથુભા ઝાલાના મકાનમાં ચલતી જુગાર ક્લબ ઉપર ક્રાઈમ બ્રાંચના પી.એસ.આઈ. એ.એસ.ગરચર અને તેમની ટીમે દરોડો પાડી જુગાર રમતા પાંચ શખ્સોની ધરપકડ કરી ૫૦ હજારની રોકડ કબ્જે કરી છે. જુગાર રમતા પકડાયેલ છત્રસિહ પથુભા ઝાલા સાથે લક્ષ્મીવાડી ત્રણ માળીયા ક્વાર્ટરમાં રહેતા કિશોર મણીલાલ રૂપારેલીયા, સીતારામ સોસાયટી શેરી નં-૪માં રહેતા બટુકભાઈ નાથાભાઈ ટાંક, જાલીયા દેવાણી તા-ધ્રોલના રાજદિપસિંહ બળવંતસિંહ જાડેજા તેમજ રંગોલીપાર્ક હાઉસીંગ બોર્ડના ફ્લેટ રાજકોટ રહેતા અમરજીતસિહ કિરીટસિંહ જાડેજાની ધરપકડ કરી ૫૦૦૦૦ની રોકડ કબજે કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચના પી. આઈ એમ.આર. ગોંડલીયાની સૂચનાથી પી. એસ. આઈ એ.એસ. ગરચર સાથે એ.એસ.આઈ જલદીપસિહ વાઘેલા, પો.હેડ.કોન્સ.અનિલભાઈ સોનારા, પો.કોન્સ મહેશભાઈ ચાવડા,હરપાલસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, અશ્વિનભાઈ પંપાણીયાએ કામગીરી કરી હતી.

# પડધરીના હડમતીયા ગામે પ્રેમી પંખીડાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## એમ.પી.ના વતની કૌટુંબિક ભાઈ-બહેને પ્રેમમાં આંધળા બની અંતિમ પગલુ ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ મધ્યપ્રદેશનો પરિવાર પડધરી ના હડમતીયા ગામે આવેલી વાડીમાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ બંને પરિવારના બાળકો એટલે કે કૌટુંબી ભાઈ બહેન વચ્ચે પ્રેમ પાંગર્યો હતો બંને એક થવાના સપના જોઈ રહ્યા હતા પરંતુ કુટુંબની મર્યાદા નડતી હોય અને ભાઈ બહેન નો સંબંધ સમાજ મંજૂર નહીં કરે તેવા ભયથી કૌટુંબિક ભાઈ બહેને ઝાડની ડાળી સાથે ચુંદડી બાંધી પાછો ખાઈ લેતા બંનેના પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ મળતી વિગતો અનુસાર, પડધરીના હડમતીયા ગામે રહેતા સમરત બેસ્તા ચૌહાણ (ઉ.૨૫) અને તેમની કૌટુંબીક બહેન સેનાબેન રાલીયાભાઈ ચૌહાણ (ઉ.૧૬) બન્નેએ કિશોરસિંહ પ્રભાતસિંહ જાડેજાની વાડીમાં ઝાડ સાથે ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ મામલે પડધરી પોલીસનાં હેડ કોન્સટેબલ વી.એમ.દાફડા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે. બન્ને કૌટુંબીક ભાઈ બહેન અને મુળ મધ્યપ્રદેશનાં ભોરીયાદ ગામના વતની અને અહિં પરિવાર સાથે ખેતમજુરી કરતાં હતાં. બન્નેએ પરિવાર આ સંબંધને નહીં સ્વિકારે તેવા ડરથી આ પગલું ભરી લીધુ હતું. ઘટના બાદ બંનેના પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. હજુ તો યુવતીની ઉંમર માત્ર સગીર વયની હતી ત્યાં આ પગલું ભરી લીધો હતું. પ્રાથમિક કાગડો કર્યા બાદ બંનેના મૃતદેહો પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટની સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જે પીએમ બાદ બંનેના મૃતદેહોને પરિવારજનો તેમના વતન લઈ ગયા હતા.

# વિજયનગરમાં કપૂતે પૈસા બાબતે માતા પર કર્યો પાઇપથી હુમલો

## દલિત વૃદ્ધાએ બે એકર જમીન વહેંચી હોય જેના ભાગના પૈસા બાબતે માતા સાથે ઝઘડો કરી કળિયુગના કપાતરે માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે ભાવનગર રોડ પર આવેલા ન્યુ વિજયનગર સોસાયટીમાં રહેતી દલિત મહિલાને તેના સગા પુત્ર એ પૈસાની માંગણી કરી લોખંડના પગ પડે માર મારી હાથમાં ફેક્ચર જેવી વિઝા કરતા થોરડા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ન્યુ વિજયનગર સોસાયટી માં રહેતા જયાબેન લાલજીભાઈ પરમાર નામના વૃદ્ધાએ થોરાળા પોલીસમાં તેના પુત્ર ધર્મેશ લાલજી પરમાર વિરોધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે ઘરે હતા ત્યારે તેઓએ વતનમાં બે એકર જમીન વેચી હોય જેના રૂપિયા આવ્યા હોય પુત્ર ધર્મેશ એ રૂપિયાની માંગણી કરી ભાગ આપવાનું કહી ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ લોખંડના પાઇપ વડે માતા પર હુમલો કરતા જયાબેન પરમારને હાથમાં પિક્ચર જેવી ઈજા કરતા વૃદ્ધાને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા બનાવના પગલે ધોરાડા પોલીસના એએસઆઈ જેપી નિમાવતે કપાતર પુત્ર સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવી યાદ કરવામાં આવી છે

# સદગુરુ પાર્ક અને સાઈબાબા પાર્કમાં બંધ મકાનમાંથી લાખોની મત્તાની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે જૂના મોરબી રોડ પર ગિરિરાજ પાર્ટી પ્લોટ પાછળ આવેલા સદગુરુ પાર્ક અને નાના મહુવા રોડ પર સાઈબાબા પાર્કમાં બંધ મકાનમાં તસ્કરો ચોરી કરી જતા પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

જેમાં પ્રથમ બનાવમાં મોરબી રોડ પર સદગુરુ પાર્ક શેરી નંબર ૧ માં રહેતા નીતિનભાઈ શીવાભાઈ ઉપાડિયા નામના યુવાને બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે બપોર બાદ બંધ રહેલા તેના મકાનમાં કોઈ અજાણ્યા શકશો એ પ્રવેશ કરી દરવાજા ના લોક તોડી ઘરના કબાટમાં રાખેલા સોના ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂપિયા ૧.૪૭ લાખની મતદાર ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પી.એસ.આઇ એમઆઇશે કે ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં નાના મોવા રોડ પર સાઈ બાબા પાર્ક માં રહેતી આરતીબેન વિજયભાઈ રાવ નામની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગતરાત્રિના તેના બંધ મકાનને કોઈ અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી રૂમમાં પ્રવેશ કરી ઘરવખરીનો સામાન સહિત કુલ રૂપિયા ૭૫,૦૦૦ ની મત્તા ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પી.એસ.આઇ પીએચ નાઈએ ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જીવંતીકાનગર સોસાયટીમાં કુટણખાનું ઝડપાયું, સંચાલિકા અને ગ્રાહકની ધરપકડ

## બહારથી ગ્રાહકો બોલાવી પરપ્રાંતિય મહિલા પાસે સંચાલિકા દેહ વેપાર કરાવતી હતી: ગ્રાહકો પાસે મોટી રકમ લઈ ભોગ બનનાર યુવતીને મામુલી રકમ આપતી હતી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા જીવંતીકા નગર સોસાયટી માં ખુલ્લેઆમ ધમધમી રહેલા કુટણખાના પર ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી મોજ મજા કરવા આવેલા ગ્રાહક અને કુટણખાનાની સંચાલિતાની ધરપકડ કરી ₹૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ગાંધીગ્રામ પોલીસના પી.એસ.આઇ એબી જાડેજા સહિતનું સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા જીવંતીકા નગર સોસાયટીમાં રહેતી દીપા ચૌહાણ નામની મહિલા બહારથી ગ્રાહકો બોલાવી પોતાના મકાનમાં પરપ્રાંતિય યુવતીઓ પાસે દેહ વેપાર કરાવતી હોવાની હકીકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા સાથે કટંગી હાલતમાં કેવલ કમલેશ બકથરીયા નામનો શખ મળી આવ્યો હતો અને ભોગ બનનારીઓ તેની પૂછપરછ કરતા જીવંતિકા નગર શેરી નંબર એકમાં રહેતી દીપા અનિલ ચૌહાણ નામની મહિલા તેની પાસે વેશ્યાવૃત્તિનો ધંધો કરાવી આર્થિક લાભ લેતી હતી બહારથી ગ્રાહકો બોલાવી યુવતી પાસે મોકલી યુવતીને મામુલી રકમ આપી ગ્રાહકો પાસે મોટી રકમ વસૂલ કરતી હતી પોલીસે કુટણખાનાની સંચાલિકા દીપા અને ગ્રાહક કેવલ બકતરીયા ની ધરપકડ કરી સ્થળ પરથી રોકડા રૂપિયા અને કોન્ડમના પેકેટ સહિતનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અશોક ગેસ્ટ હાઉસમાં નોકરી કરતા પ્રૌઢનો ઝેરી દવા પી આપઘાત

## મચ્છુનગરના વૃધ્ધે સંબંધીના ઘરે ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પૂત્ર આંધ્ર પ્રદેશના વતની અને ખાર.એમ.સી. ચોકમાં આવેલા અશોક ગેસ્ટ હાઉસમાં નોકરી કરતા પૌડને પાત્ની સાથે ફોનમાં ઝઘડો થતા ઝેરી દવા પી લીધી હતી ગૌડને ઝેરી અસ્કર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ ખાંધ્રપ્રદેશના વતની અને હોલ બશોક બેસ્ટ તાઉસમાં રહેતા અને કામ કરતા વિઠ્ઠલ કનૈયાલાલ માસ નામના ૪૫ વર્ષના પ્રૌઢ સવારના સાડા આગીયારેક વાગ્યાના અરસામાં અશોક ગેસ્ટ હાઉસમાં હતા ત્યારે કેરી ઝેરી દવા પી લીધી હતી. મોહને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખશ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં વિઠ્ઠલભાઈ પાલ છેલ્લા ૧૫ વર્ષથી અશોક ગેસ્ટ હાઈકસમાં નોકરી કરે છે અને વતનમાં ચીતી તેમની પત્ની સાથે ફોન પર ઝઘડી હતા તેમણે ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

અન્ય એક બનાવમાં કોઠારીયા વિસ્તારમાં આવેલા મચ્છુનગરમાં રહેતા તરીભાઈ સચરામભાઈ માછીયા નામના ૬૦ વર્ષના વૃદ્ધ એસટી વર્કશોપ પાછળ આવેલા ખોડીયારપરામાં રહેતા ચનાભાઈ ઝાપડાના વહે હતા ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. વૃહને ડેરી ખાર થતા તાત્કાલિક સારવાર માટે સિવિક્ષ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ઉપરોક્ત બંને મનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ પરી છે.

# સીએએનો કાયદો અમલાં આવતા રાજકોટમાં ૧૭ વર્ષથી રહેતા મહેશ્વરી પરિવારને નાગરિકતા મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત પાકિસ્તાનના ભાગલા બાદ અસંખ્ય હિન્દુ પરિવારો ભારતમાં સ્થાયી થયા હતા. તો અમુક પરિવારો ત્યાં અટવાઈ હતા. જે પરિવારો દ્વારા ૨૦૦૨ ની સાલથી ભારતમાં આગમન ચાલુ થઈ ગયું હતું. જેથી કરાચીમાં રહેતા ૨૦૦ જેટલા મહેશ્વરી પરિવાર રાજકોટમાં સ્થાઈ થયા હતા. જે છેલ્લા ૧૭ વર્ષથી બેનામ જિંદગી જીવતા હતા. તાજેતરમાં મોદી સરકારે સીએએ બિલ મંજૂર કરતા નિર્વાસિત પરિવારને ભારતની નાગરિકતા મળી છે.

કેન્દ્ર સરકાર દ્વારા સીએએ બીલને મંજુરી આપવામાં આવી છે જેને પગલે પાકિસ્તાન છોડી ભારતમાં વસેલા લોકો ભારતીય નાગરિકત્વ મળશે. આ સમાચાર બાદ પાકિસ્તાન પાકિસ્તાનના કરાંચીથી પરિવારો રાજકોટ આવ્યા હતા : ઈઅઅ લાભદાયી નીવડતા મોદીનો માન્યો આભાર છોડી ભારત વસેલા લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. આ નિર્ણયને મહેશ્વરી સમાજએ આવકારેલ છે. મહેશ્વરી સમાજના ૨૦૦ લોકો રાજકોટમાં વસવાટ કરે છે. આ લોકો વ૨૨૯-વ૨૨ક્ષ અને વરલર દરમ્યાન પાકિસ્તાનના કરાચીમાંથી રાજકોટ સ્થાયી થયા હતા. અલગ અલગ વર્ષમાં સમયાંતરે રાજકોટ લોકોને મળશે જેથી આ લોકોએ વધ નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. તમામ પરિવારજનોમાં હર્ષોલ્લાસનો માહોલ છવાયો છે.

મહેશ્વરી સમાજના ૨૦૦ લોકો રાજકોટમાં સ્થાયી થઈ વિવિધ વ્યવસાય સાથે જોડાયેલ છે જયારે શરૂઆતમાં રાજકોટ આવ્યા ત્યારે અનેક તકલીફોનો સામનો કરવો પડયો હતો. પાકિસ્તાનથી સ્થાયી થયા હોવાથી લોકોનો તેમના પર વિશ્વાસ બેસવામાં સમય લાગ્યો હતો. પરંતુ હવે તેઓ નિશ્ચિત બની રાજકોટમાં વસવાટ કરશે અને વિવિધ યોજનાઓનો પણ લાભ મળશે.

# સ્વ વિવેકભાઈ અશોકભાઈ મારુ ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે મહારક્તદાન કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે સંત કબીર રોડ પર રહેતા સ્વ વિવેકભાઈ અશોકભાઈ મારુ નું ગત વર્ષ તારીખ ૧૮ ૩ ૨૦૨૩ ને શનિવારના રોજ અવસાન થયું હતું તેઓની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ અને મહારક્તદાન કેમ્પ નું ભોજલરામ કોમ્યુનિટી હોલ ગેટ નંબર એક સંત કબીર રોડ પર રાખવામાં આવ્યું હતું. સોમવાર તારીખ ૧૮ માર્ચ સવારના ૦૮:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી આ રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું આ રક્તદાનમાં સ્નેહીજનો મિત્રો અને પરિવારજનો વિવેક ભાઈને શ્રદ્ધાંજલિ પાઠવી માનવ જિંદગી અને અનમોલ જીવ બચાવવા મહુડી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી સાચા અર્થમાં વિવેક ભાઈને શ્રદ્ધાંજલિ આપી હતી મહારક્તદાન કેમ્પમાં ૩૦૮ બોટલ રક્ત એકત્રિત થયું હતું જે બ્લડ બેન્ક ને સુપ્રત કરાયું હતું જેથી આવનારા દિવસોમાં જરૂરિયાતમંદ દર્દીઓને આ બ્લડ આપી શકાય.




# મોરબીમાં પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા પાંચ માસથી ફરાર આરોપીને દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનાનો છેલ્લા પાંચ મહીનાથી નાસતા ફરતા આરોપીને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ પૂર્વ બાતમીને આધારે મોરબીના સામાકાંઠા વિસ્તારમાંથી ઝડપી લઇ હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી સીટી બી ડીવી પો.સ્ટેશન સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન ખાનગી બાતમી હકિકતના આધારે મોરબી તાલુકા પો.સ્ટે.માં નોંધાયેલ પ્રોહી.ના ગુન્હામાં નાસતા ફરતા આરોપી વિપુલભાઇ મનસુખભાઇ ધલવાણીયા ઉવ.૨૨ રહે.મોટામાત્રા તા.વીંછીયા જી.રાજકોટને મોરબી ત્રાજપર ચોકડી પાસે ગોપાલ ટ્રાવેલ્સ ઓફિસની બાજુમાથી પકડી પાડી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.